આજનો સુવિચાર

બીજાની શિખામણ લેવા કરતા જાતે કરેલી મથામણ જીવનમાં વધુ રંગ લાગે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૭૬ જૂનાગઢ તા.૧૨-૭-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 176, Junagadh : Date : 12 July, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### કુનો નેશનલ પાર્કમાં વધુ એક ચિત્તાનું મોત : પાંચ મહિનામાં ૭ ચિત્તા મૃત્યુ પામ્યા

ભોપાલ તા. ૧૨

મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં વધુએક ચિત્તાનું મોત થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર નર ચિતા તેજસનું મંગળવારે મૃત્યુ થયું હતું. કુનો નેશનલ પાર્કમાં, મોનિટરિંગ ટીમને મંગળવારે સવારે નર ચિત્તો તેજસ ઘાયલ અવસ્થામાં મળ્યો હતો. તેનાગળા પર ઈજાના નિશાન હતા. નિષ્ણાતોની ટીમે તેજસને વાડાથી બહાર કાઢ્યો અને તેને સારવાર માટે હોસ્પિટલલઈ જવાયો હતો. પરંતુ તેજસનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. તેને કેટલી ઈજાઓ થઈ છે તેની તપાસ કરવામાં આવી રહી છે. પોસ્ટમોર્ટમ બાદ મોતનું કારણ જાણી શકાશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા પાંચ મહિનામાં કુનો નેશનલ પાર્કમાં ૭ ચિત્તા મૃત્યુ પામી ચૂક્યા છે.

### યુનિફોર્મ સિવિલ કોડ અંગે આયોગને ૪૬ લાખ પ્રતિભાવ મળ્યા

નવી દિલ્હી તા. ૧૨

સમાન નાગરિક ધારો (યુનિફોર્મ સિવિલ કોડ) પર અભિપ્રાય મોકલવાની સમય સીમાં બે દિવસ પછી સમાપ્ત થવા જઈ રહી છે, ત્યારે અત્યાર સુધીમાં વિધિઆયોગને ૪૬ લાખ પ્રતિભાવ પ્રાપ્ત થાય છે.

સૂત્રો દ્વારા આગામી દિવસોમાં કેટલાક ખાસ સંગઠનો અને કોંગ્રેસ દ્વારા વ્યક્તિગત સુનવાઈ માટે કાયદેસરતાની સંભાવના છે.

આયોગે ૧૪જૂને યુનિફોર્મ સિવિલ કોડ પર નવી પરામર્શ પ્રક્રિયા શરૂ કરી હતી, જેમાં રાજકીય રીતે સંવેદનશીલ મુદ્દા પર લોકો અને માન્યતા પ્રાપ્ત ધાર્મિક સંસ્થાઓ સહિત તમામ હિસ્સેદારોના મંતવ્યો આમંત્રિત કર્યાહતા. અગાઉ, ૨૧મા કાયદા પંચે આ મુદ્દાની તપાસ કરી હતી અને બે પ્રસંગોએ તમામ હિતધારકોના મંતવ્યો માંગ્યા હતા. તેમનો કાર્યકાળ ઓગસ્ટ ૨૦૧૮માં સમાપ્ત થયો હતો. ત્યારબાદ, ઓગસ્ટ ૨૦૧૮માં 'કૌટુંબિક કાયદામાં સુધારા' પર એક પરામર્શ પેપર બહાર પાડવામાં આવ્યું હતું.

### ૨ કરોડથી વધુ ઈન્કમટેકસ રીટર્ન ફાઈલ થયા

નવી દિલ્હી તા.૧૨ :

ભારતમાં લોકોની આવક વૃધ્ધિ તથા કરચોરી ડામવાના વિવિધ પગલાથી કરદાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ઈન્કમટેકસ રીટર્ન ફાઈલ કરવાનો છેલ્લો દિવસ ૩૧ જુલાઈ છે.તે પુર્વે ૧૧ જુલાઈ સુધીમાં બે કરોડથી વધુ ઈન્કમટેકસ રીટર્ન ફાઈલ થઈ ગયા છે. છેલ્લા દિવસોમાં ઘસારાથી બચવા વહેલીતકેરીટર્ન ફાઈલ કરવાની અપીલને ધ્યાને રાખીને લોકો રિટર્ન વહેલાફાઈલ કરવા લાગ્યાનું ચિત્ર છે.

#### ભાજપે રાજયસભાની બે બેઠકોનાં ઉમેદવારોનાં નામ જાહેર કર્યા : સસ્પેન્સનો અંત

# વાંકાનેર સ્ટેટનાં કેસરીદેવસિંહ ઝાલા અને ભૂતપૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ ભાજપનાં રાજયસભાનાં ઉમેદવાર

ગાંધીનગર તા. ૧૨

રાજયસભાની ચૂંટણી માટે ભાજપના ઉમેદવારો અંગેનાં સસ્પેન્સ પરથી પડદો ઉંચકાઈ ગયો છે. ભાજપે આખરે રાજયસભાની ચૂંટણી માટે અન્ય બે ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. આ નામ છે કેસરીદેવસિંહ ઝાલા અને બાબુભાઈ દેસાઈને ઉમેદવાર જાહેર કર્યા છે. ભાજપે દર વખતની જેમ ચૂંટણીમાં નવો ચહેરો ઉતારવાનો નિયમ રાજ્યસભામાં પણ કાયમ રાખ્યો છે. આ જીત ભાજપની વનવે જીત બની રહેવાની છે. કારણ કે, કોંગ્રેસે પહેલેથી જ રાજ્યસભા નહિ લડવાની જાહેરાત કરી દીધી છે. વિદેશમંત્રી એસ.જયશંકરે સોમવારે જ રાજ્યસભા માટે ઉમેદવારી પત્ર ભર્યુ હતું. ભાજપે રાજ્યસભાના બે ઉમેદવાર જાહેર કર્યા છે. બાબુભાઈ જેસંગભાઈ દેસાઈનું નામ જાહેર કરાયુ છે. તો બીજુ નામ કેસરીદેવસિંહ ઝાલા છે આ સાથે રાજ્યસભાના ઉમેદવારોના નામની તમામ ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકયું છે.

કેસરીદેવસિંહ ઝાલાનાં પિતા કોંગ્રેસની સરકારમાં મંત્રી હતા જયારે તેમના દાદા દિગ્વિજયસિંહ દેશનાં પ્રથમ પર્યાવરણ મંત્રી રહયા હતા. જયારે કેસરીદેવસિંહનાં કાકા રણજીતસિંહે ગુજરાતનો વર્તમાન વન્યજીવ સંરક્ષણ કાયદો બનાવ્યો હતો. વાંકાનેર સ્ટેટનાં કેસરીસિંહનાં લગ્નમાં વડાપ્રધાન મોદી પણ હાજર રહયા હતા જે અત્રે ઉલ્લેખનીયછે.

# વિપક્ષી એકતા : ૧૭-૧૮ જુલાઈએ બેંગ્લોરમાં ૨૪ પક્ષોની બેઠક મળશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૧૨

કોંગ્રેસ શાસિત કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં આગામી તા.૧૭-૧૮ જુલાઈના રોજ યોજાનારી વિપક્ષી એકતા બેઠકની બીજી બેઠકમાં ઓછામાં ઓછા ૨૪ રાજકીય પક્ષોના ટોચના નેતાઓ હાજરી આપે તેવી શકયતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા ભાજપ વિરુદ્ધ સંયુક્ત મોરચો રજૂ કરવાના વિરોધ પક્ષોના પ્રયાસોને ૮ નવા પક્ષોએ સમર્થન આપ્યું છે સૂત્રોના જણાવ્યા અનુસાર મારુમલાર્ચી દ્રવિડ મુનેત્ર કઝગમ, કોંગુ દેસા મક્કલ કાચી, વિદુથલાઈ ચિરુથાઈગલ કાચી, રિવોલ્યુશનરી સોશ્યલિસ્ટ પાર્ટી, ઓલ ઈન્ડીયા ફોરવર્ડ બ્લોક, ઈન્ડીયન યુનિયન મુસ્લીમ લીગ, કેરળ કોંગ્રેસ જોસેફ) અને કેરળ કોંગ્રેસ નવા રાજકીય પક્ષોમાં સામેલ છે જે બેઠકમાં ભાગ લેશે. તેમણે એમ પણ કહ્યું છે કે, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી પણ વિરોધ પક્ષોની બેઠકમાં ભાગ લેશે. કેડીએમકે અને એમડીએમકે અગાઉ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન ભાજપના સાથી હતા. દરમિયાન, કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજયસભામાં વિપક્ષના નેતા મલ્લીકાર્જુન ખડગેએ વિપક્ષના ટોચના નેતાઓને આગામી એકતા બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું છે. વિપક્ષી પાર્ટીના ટોચના નેતાઓને સંબોધિત પત્રમાં કોંગ્રેસ અધ્યક્ષે તેમને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર દ્વારા ૨૩ જૂનના રોજ પટનામાં વિપક્ષની બેઠકમાં ભાગ લેવા વિશે યાદ અપાવ્યું હતું.

ખડગેએ તેમના આમંત્રણ પત્રમાં જણાવ્યું હતું કે, મીટિંગ એક મોટી સફળતા હતી કારણ કે અમે અમારી લોકશાહી રાજનીતિને જોખમમાં મૂકતા વિવિધ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં સક્ષમ હતા. આગામી લોકસભાની ચૂંટણીઓ એકજૂથ રીતે લડવા માટે સર્વસંમતિથી સંમત થયા હતા, ખડગેએ તેમના આમંત્રણ પત્રમાં જણાવ્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષે નેતાઓને વધુ યાદ અપાવ્યું કે અમે જુલાઈમાં ફરી મળવા માટે સંમત થયા છીએ. પત્રમાં વધુમાં જણાવાયું છે કે, હું માનું છું કે આ ચર્ચાઓ ચાલુ રાખવી અને અમે જે ગતિ બનાવી છે તેના પર નિર્માણ કરવું મહત્વપૂર્ણ છે.

# નેપાળમાં ૧ કિલો ટમેટાનો ભાવ માત્ર રૂા. ૨૫ ભારતનાં લોકો ટમેટા લેવા નેપાળ પહોંચ્યા

કાઠમંડુ, તા.૧૨

સસ્તું પેટ્રોલ અને ડીઝલ લેવા માટે ભારતીયો નેપાળ તરફ ભાગતા હતા, જો કે, આ વખતે ટામેટા માટે પણ આવું જ થયું છે. હકીકતમાં જોઈએ તો, નેપાળનાં સરહદી વિસ્તારો ખેતીની બાબતોમાં વધારે સંપન્ન થયા છે. કેટલીય સસ્તી વસ્તુઓ ભારતીયોને નેપાળના આ વિસ્તારમાંથી મળેછે. કેમ કે હાલમાં ભારતમાં ટામેટાના ભાવ આકાશ આંબી રહ્યા છે, તો તેનાથી ઉલ્ટા પિથોરાગઢ અને ચંપાવત જિલ્લાથી અડીને આવેલા નેપાળમાં કિંમતો સામાન્ય છે. આ જ કારણ છે કે, નેપાળના સસ્તા ટામેટા પિથોરાગઢ અને ચંપાવત સુધીના લોકો અને વેપારીઓને ખૂબ પસંદ આવી રહ્યા છે.

નેપાળમાં ટામેટા ૨૫થી ૩૦ રૂપિયા પ્રતિ કિલોએ મળી રહ્યા છે. પિથોરાગઢ શહેરમાં મંગળવારે ટામેટા ગ્રેડિંગના હિસાબથી ૧૦૦થી ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોસુધી વેચાઈ રહ્યા હતા. જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં મોંઘવારી અને વરસાદના કારણે ૧૫૦ રૂપિયા પ્રતિ કિલો મળવા પણ મુશ્કેલ થઈ રહ્યું છે. તો વળી નેપાળમાં તેની કિંમત ફક્ત ૨૫થી ૩૦ રૂપિયા પ્રતિ કિલો થઈ રહી છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર આ વખતે નેપાળમાં ટામેટાના પાક સારો થયો છે. આ જ કારણે ચોમાસું સિઝનમાં પણ નેપાળમાં ટામેટાના ભાવ સ્થિર રહયા છે.

# કેન્દ્રીય મંત્રીમંડળમાં હવે ચોમાસુ સત્ર બાદ ફેરફારની શકયતા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૧૨

લાંબા સમયથી ચર્ચામાં રહેલા કેન્દ્રીય મંત્રીમંડળના વિસ્તારની યોજના હવે વિલંબમાં પડી હોવાના સંકેત છે. છેલ્લા કેટલાક દિવસથી દિલ્હીમાં જે રીતે ભાજપમાં ઉચ્ચ કક્ષાની હિલચાલ હતી તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીત શાહ ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા વચ્ચે બે-ત્રણ વખત લાંબી બેઠકોનો દૌર ચાલ્યો હતો અને નડ્ડા પણ એક બાદ કેન્દ્રીય મંત્રીઓને મળ્યા તેથી કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફાર અંગે ચર્ચાએ જોર પકડયું હતું પણ ફરી દિલ્હીમાં બધું ઠંડુ પડી ગયુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસની ફ્રાન્સ યાત્રાએ જઈ રહ્યા છે અને ત્યાંથી પરત આવશે પછી તા.૨૦થી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થશે. જેથી હવે ચોમાસુ સત્ર બાદ જ મંત્રીમંડળમાં ફેરફાર શક્ય બને તેવા સંકેતો છે. જેના કારણે જેઓ મોદી સરકારની આ બીજી ટર્મના અંતિમ ૬-૭ મહિના પણ મંત્રી બનવા મળશે તેવી આશા રાખીને બેઠા હતા તેઓને નિરાશા થશે. હાલમાં જ કેટલાક મંત્રીઓને જે રાજયોમાં ધારાસભા ચૂંટણીઓ યોજાવાની છે ત્યાં પ્રભારી-સહપ્રભારી નિયુક્ત કરાયા છે. રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાએ પક્ષની રાષ્ટ્રીય કારોબારીમાં કેટલાક નવા ચહેરા પણ ઉમેર્યા છે પણ તેમાં કોઈ મોટો ફેરફાર નથી. કેટલાક મંત્રીઓએ સંગઠનમાં જણાવ્યું છે કે પડતા મુકાશે તેવો ભય હતો. તેઓ હાલ દિલ્હીથી દૂર હતા તેઓ ફરી પરત તેમના મંત્રાલયમાં આવી ગયા છે.

#### જાસુસીનાં આરોપમાં ધરપકડ કરાયેલા

# વિદેશ મંત્રાલયનાં કર્મચારીએ અત્યંત ગુપ્ત દસ્તાવેજો પાકિસ્તાન મોકલ્યા હતા

નવી દિલ્હી તા.૧૨

વિદેશ મંત્રાલયના એક કામચલાઉ કર્મચારીની જી-૨૦ મીટિંગની વિગતો અને અન્ય ગુપ્ત માહિતી અજાણ્યા વ્યક્તિ સાથે શેર કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. ગાઝિયાબાદ પોલીસે ઈન્ટેલિજન્સ બ્યુરોની માહિતીના આધારે નવીન પાલ નામના વ્યક્તિની જાસૂસીના આરોપમાં ધરપકડ કરીહતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીએ કથિત રીતે કરાચીમાં એક વ્યક્તિ સાથે વોટ્સએપ દ્વારા ભારત વિશે વિવિધ ગુપ્ત માહિતી, વિદેશ મંત્રાલયના દસ્તાવેજો અને જી-૨૦ મીટિંગ્સની વિગતો શેર કરી હતી

પ્રાપ્ત માહિતી અનુસાર નવીન પાલે કથિત રીતે સોશિયલ મીડિયા પર મળેલી મહિલા સાથે વ્હોટ્સએપ દ્વારા ગોપનીય માહિતી શેર કરી હતી.

# વરસાદી પેટર્ન બદલાઈ : અગાઉ કાયમી દુષ્કાળગ્રસ્ત રહેતા સૌરાષ્ટ્ર-કચ્છમાં હવે પાણીની રેલમછેલ

અમદાવાદ તા.૧૨: થોડા વર્ષો અગાઉ અને એક વખત 'દુકાળીયા પ્રદેશની' છાપ ધરાવતા સૌરાષ્ટ્ર - કચ્છમાં હવે ચોમાસામાં વરસાદની રેલમછેલ થવા લાગી છે. વરસાદની બદલાયેલી પેટર્નનું આ પરિણામ છે. પાણીની કાયમી અછત ધરાવતા આ ક્ષેત્રમાં હવે સીઝનનો ૧૦૦ ટકા કે તેથી વધુ વરસાદ થવા લાગ્યો છે. હવામાન નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે સૌરાષ્ટ્ર-કચ્છમાં વધતા વરસાદ પાછળ બદલાયેલી વરસાદી પેટર્ન જવાબદાર છે. ભલે અમુક વિસ્તારોમાં હજુ પાણીની અછત પ્રવર્તે છે. છતાં ભૂગર્ભ જળની સપાટી ઉંચી આવી ગઈ હોવાના કારણોસર અગાઉ જેવી તકલીફ થતી નથી. ચાલુ વર્ષે અત્યાર સુધીના ભારે વરસાદ પાછળ બિપોરજોય વાવાઝોડાની અસર હેઠળનો વરસાદ પણ એક કારણ છે. કચ્છમાં અત્યાર સુધીમાં સીઝનનો ૧૧૨ ટકા તથા સૌરાષ્ટ્રમાં ૬૫ ટકાથી વધુ વરસાદ વરસી ગયો છે. જયારે સમગ્ર ગુજરાતનો વરસાદ ૪૭ટકા નોંધાયો છે તેની સરખામણીએ સૌરાષ્ટ્ર-કચ્છમાં ઘણી વધુ માત્રામાં પાણી વરસ્યુ છે. ગુજરાતમાં સામાન્ય રીતે દક્ષિણ ગુજરાતનાં જીલ્લાઓમાં સૌથી વધુ વરસતો હોય છે. પરંતુ આ વખતે દ.ગુજરાતમાં અત્યાર સુધીમાં સીઝનનું ૩૪.૫ ટકા જ પાણી વરસ્યુ છે. ચોમાસાની સીઝનને હજુ બે મહિના બાકી છે અને આ દરમ્યાન વરસાદની ખાધ સરભર થઈ શકે છે.

# ગુજરાતમાં ચાલુ સીઝનમાં ૪૬ ટકાથી વધુ વરસાદ નોંધાયો

અમદાવાદ તા. ૧૨

ગુજરાતમાં વરસાદનો બીજો રાઉન્ડ ચાલી રહ્યો છે ત્યારે વરસાદનું જોર ઘટ્યું છે અને છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૦૪ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં ભાવનગરમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી જેના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા હતા. આ સિવાય ભારે વરસાદને પગલે પાણીની આવક થતા નદી, નળા સહિત ડેમો છલકાઈ ગયા હતા. રાજ્યનો ચાલુ સિઝનમાં કુલ સરેરાશ વરસાદ ૪૬.૬૯ ટકા નોંધાયો છે.

હવામાન વિભાગ દ્વારા આજે પણ સામાન્ય વરસાદની આગાહી કરી છે. જેમાં દમણ, દાદરા નગર હવેલી, પાટણ, અરવલ્લી, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, મહીસાગરમાં વરસાદની શક્યતાઓ છે. આ સિવાય સૌરાષ્ટ્રના રાજકોટ, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં પણ વરસાદની શક્યતાઓ છે. આ સાથે જ હવામાન વિભાગે આવતીકાલથી ૧૭ સુધીમાં રાજ્યના અમદાવાદ, ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તથા મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદ પડવાની આગાહી કરી છે. જેમાં અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં વરસાદની પડવાની સંભાવના છે.

# દેશભરમાં મેઘ તાંડવથી ખરીફ પાકોને ભારે નુકશાન : મોંઘવારી વધશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૧૨

આગામી દિવસોમાં હિમાચલ પ્રદેશ, પંજાબ અને હરિયાણામાં ભારે વરસાદનું જોર ઘણું ઓછું થવાની ધારણા છે. બીજી તરફ, નિષ્ણાતો માને છે કે છેલ્લા કેટલાક દિવસોમાં વરસાદને કારણે દેશના ઉત્તર-પશ્ચિમ રાજયોમાં પહેલેથી જ વાવેલા ખરીફ પાકને ઘણું નુકસાન થયું છે.

ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલમાં નિષ્ણાતોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે મગ, અડદ, મગફળી અને સોયાબીનના પાકને ૧૦-૧૫ટકા સુધી નુકસાન થઈ શકે છે.

આવી સ્થિતિમાં હવે આ ચીજવસ્તુઓના ભાવ વધવાની ચિંતા છે. જો કે, વરસાદથી પંજાબ અને હરિયાણામાં ડાંગરના પાકને મદદ મળી શકે છે.

કોમોડિટી રિસર્ચ ફર્મ Grain ઈન્ડીયાના રાહુલ ચૌહાણે જણાવ્યું હતું કે, અતિશય વરસાદને કારણે ઉત્તરીય રાજયોમાં કપાસ, કઠોળ અને તેલીબિયાં જેવા ખરીફ પાકોને નુકસાન થયું છે. IMD અનુસાર, ઉત્તર-પશ્ચિમમાં, રાજસ્થાનમાં ૧૦ જુલાઈ સુધીના લાંબા ગાળાની સરેરાશ કરતાં લગભગ ૬૦% વધુ વરસાદ પડ્યો છે, ગુજરાતમાં ૧૫% વધુ વરસાદ પડ્યો છે. ચક્રવાત બિપરજોયને કારણે જૂનની શરૂઆતમાં ગુજરાત અને રાજસ્થાનમાં વરસાદ થયો હતો, જેના કારણે ખરીફ સીઝનની વહેલી વાવણી થઈ હતી. તાજેતરના ભારે વરસાદને કારણે તાજેતરમાં વાવેલા છોડને નુકસાન થયું હોઈ શકે છે.

# વરસાદનાં પ્રથમ બે રાઉન્ડમાં જ પાક-પાણીનું ચિત્ર ઉજળું : સૌરાષ્ટ્રનાં ડેમોમાં ૬૦ ટકા જળસંગ્રહ

રાજકોટ, તા. ૧૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હાલમાં જ પડેલા ખુબ સારા વરસાદનાં પગલે પાક-પાણીનું ચિત્ર ઉજળુ બની ગયું છે. ખાસ કરીને પાણીની સમસ્યા મહદ અંશે હલ થઈ ગઈ છે. અનેક ડેમોમાં એક વર્ષનું પાણી ઠલવાઈ ગયું છે અને ૨૫થી વધારે ડેમો ઓવરફલો થઈ ગયા છે. દરમ્યાન રાજકોટ સિંચાઈ વર્તુળનાં સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો અનુસાર સૌરાષ્ટ્રનાં જળાશયોમાં હાલમાં ૫૦ થી ૬૦ ટકા જેટલો જળસંગ્રહ પણ થઈ ગયો છે અને સૌરાષ્ટ્રનાં ૧૮ જેટલા ડેમોમાં આજની સ્થિતિએ ૧૦૦ટકા પાણીનો સંગ્રહ થઈ ગયો છે.

સિંચાઈ વિભાગ પાસેથી મળતી વિગતો અનુસાર રાજકોટ જિલ્લામાં આવેલા ૨૭ ડેમોમાં હજુ તો ચોમાસુ અર્ધુ પણ ગયુ નથી ત્યાં સરેરાશ ૬૩ ટકા પાણી સંગ્રહ થઈ ગયો છે અને ૬ ડેમોમાં ૧૦૦ ટકા પાણી આવી ગયું છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ટ્રોમા, હાડકા અને સાંધાના નિષ્ણાંત આપના શહેરમાં

લક્ષણો
• ગોઠણમાં ખુબ દુઃખાવો થવો • ચાલવામાં લંગડાવવું
• પગથિયા ચડવા-ઉતરવામાં તકલીફ થવી • બેસી-ઉઠી ન શકવું
• ગોઠણથી પગ વાંકા વળી જવા • સાંધામાં અવાજ આવવો

ડો. હાર્દિક ધમસાનિયા
આર્થ્રોપ્લાસ્ટી, આર્થ્રોસ્કોપી અને ટ્રોમા સર્જન

દર મહિના ના બીજા શુક્રવારે
૧૪ જુલાઈ ૨૦૨૩, શુક્રવાર

આરવ ક્લિનિક, ૮૦ ફીટ રોડ, વેરાવળ
સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦

હાટકેશ હોસ્પિટલ ભૂતનાથ મંદિર પાસે, જૂનાગઢ.
સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦

તપાસ ફી - ₹૬૦૦/-

95120 15843 | 0281-6694244

WOCKHARDT HOSPITALS
LIFE WINS

## મકાન વેચવાનું છે

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

## બંગલો વેચવાનો છે

દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચ્યુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.

સંપર્ક : ૭૫૭૫૮ ૦૬૫૮૫

## જૂનાગઢમાં વેચવાનું છે

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) નીલકમલ-૧માં પહેલા માળે ફલેટ
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) રાયજીબાગ ઓરચીડમાં ફલેટ
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.

સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

## એડમીશન માટે મળો

MBBS
(INDIA / ABROAD

ગાયત્રી હોસ્પીટલ
જૂનાગઢ

ડો. રાહુલ મહેતા
મો. ૭૪૩૬૦ ૭૪૪૦૮

C M Y K

# ગુજરાતની ૨૬ બેઠકો જીતવાનાં અભિયાનનો પ્રારંભ કરતાં જેપી નડ્ડા



## વડોદરા ખાતે પાટણ લોકસભાના હોદ્દેદારો સાથે બંધ બારણે બેઠક યોજી

(જી.એન.એસ)

વડોદરા,તા.૧૨

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ગુજરાતની તમામ ૨૬ બેઠકો જંગી માર્જિન સાથે જીતવાના વિશેષ અભિયાનના શ્રીગણેશ રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ મધ્ય ગુજરાતથી કરી દીધા છે. આમ તો મોદી શાસનના નવ વર્ષની યશગાથા લોકો સુધી પહોંચાડવાના ખાસ અભિયાન અંતર્ગત પંચમહાલ ખાતે જનસભા અને વડોદરા ખાતે કાર્યકર્તા સંમેલન સાથે વડોદરાના શ્રેષ્ઠીઓ સાથે સંવાદનું આયોજન કર્યું હતું, પરંતુ મુખ્ય ઉદ્દેશ્ય ૨૦૨૪ ની લોકસભાનો ચૂંટણી જંગ જંગી બેઠકો અને જંગી માર્જિનથી જીતવાના અભિયાનને ગતિ આપવાનો હતો. જો પંચમહાલની સભા અને વડોદરાના બે અગાઉ થી જાહેર કાર્યક્રમો કાર્યકર્તા સંવાદ, અને પ્રબુદ્ધ નાગરિક સંવાદ સુધી જેપી નડ્ડાનો પ્રવાસ સીમિત હોત તો મોદી શાસનના ૯ વર્ષની ઉજવણીની શૃંખલાના ભાગ રૂપેજ નડ્ડાનો પ્રવાસ કહેવાતો, પરંતુ વડોદરા ખાતે પાટણ લોકસભાના હોદ્દેદારો સાથે બંધ બારણે વિશેષ બેઠક કરી હતી. પાટણ લોકસભા મતવિસ્તાર અને પાટણ ભાજપમાં ચાલી રહેલ આંતર કલહ ઠારવા ખુદ રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડડાંએ વિશેષ બેઠક કરી ૫૪ અગ્રણી હોદ્દેદારો અને નેતાઓનો કલાસ લીધો તે પરથી સ્પષ્ટ થઈ ગયું કે ગુજરાત એ ભાજપનો ગઢ હોવા છતાં ભાજપ નું રાષ્ટ્રીય નેતૃત્વ આગામી લોકસભાની ચૂંટણીઓ માં ગુજરાતને જરા પણ અતિવિશ્વાસમાં હળવાશથી લેવા નથી માંગતું. જેપી નડ્ડાનો પ્રવાસ માત્ર મોદી શાસનના ૯ વર્ષની યશ ગાથા વર્ણવા માટે નહિ પરંતુ આગામી ૨૦૨૪ની તૈયારીઓના શંખનાદનો પણ છે. તે સ્પષ્ટ થઈ ગયું. છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ માં ભાજપે ૧૫૬ બેઠકો મેળવી પરંતુ પાટણ લોકસભા બેઠકની ૭ બેઠકો પૈકી ૪ બેઠકો હારી છે માત્ર ત્રણ બેઠકો જીતી, ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરના હોમ ગ્રાઉન્ડ ગણાતા પાટણ લોકસભા મતવિસ્તારમાં ભાજપના થયેલા રકાસને ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા ગંભીરતાથી લેવામાં આવ્યું અને આ રકાસ પાછળના કારણોનું પોસ્ટમોર્ટમ કરાયું તો સામે આવ્યું કે પાટણ માં જૂથવાદ ચરમસીમાએ છે. વર્તમાન સાંસદના વારંવારના બફાટ, પોતાના સાગા પુત્રને વિધાનસભાની ચૂંટણી માટે ટીકીટ આપવા હટાગ્રહ, સાંસદની નિષ્ક્રિયતા જેવા મુદ્દાઓ ને લઈ ભાજપનો રકાસ થયો હોવાનું સામે આવ્યું હતું અને એટલે જ પ્રદેશ નેતૃત્વ દ્વારા પાટણના જવાબદારોને રાષ્ટ્રીય અધ્યક્ષના કલાસ રૂમમાં ગોઠવી દેવામાં આવ્યા. વિધાનસભા ચૂંટણીમાં પાટણમાં ભાજપની પડતી માટે સીધી કે આડકતરી રીતે જવાબદાર ૫૪ જેટલા નેતાઓને કોઈ પણ ભોગે આજે વડોદરા ઉપસ્થિત રહેવા માટે આદેશ આપવામાં આવ્યો હતો અને ખુદ રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા દ્વારા આ માટે જવાબ મંગવામાં આવ્યો તથા આગામી લોકસભાની ચૂંટણીમાં વિધાનસભાની પરિસ્થિતિ નું પુનરાવર્તન ન થાય તે માટે તાકીદ પણ કરવામાં આવી. પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોલના કોન્ફરન્સ રૂમમાં બંધ બારણે અપેક્ષિત કાર્યકર્તા અને નેતાઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા સંગઠન મહામંત્રી રત્નાકર ઉપસ્થિત રહ્યા હતા, બંધ બારણે યોજાયેલી આ બેઠકમાં જેપી નડ્ડાએ ખુબજ ગંભીરતા પૂર્વક કલાસ લીધો હોવાનું પ્રદેશ ભાજપના સૂત્રો કહી રહ્યા છે .પાટણ ભાજપની ભાંજગડ બંધ બારણે જ દબાયેલી રહે તે માટે ખાસ જડબેસલાખ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી પરંતુ બેઠક પુરી થયા બાદ બહાર આવેલા પાટણ ભાજપના નેતાઓના ચહેરા આપો આપ અંદરની પરિસ્થિતિ અને તેઓના હાલ છતા કરી દેતા હતા. સૌથી વધુ મુરઝાયેલો ચહેરો સાંસદ ભરતસિંહ ડાભીનો હતો જોકે મીડિયાએ તેઓની પ્રતિકીર્ય માંગી તો તેઓએ જણાવ્યું કે જેપી નડડાએ લોકસભા જીતવા માટે ટિપ્સ આપી, કાર્યકર્તા એ સક્રિય થઈ છેવાડાના મતદાર સુધી મુલાકાત કરી ભાજપ ને વિજય અપાવવા માર્ગદર્શન આપ્યું, વિધાનસભા ની ચૂંટણી થઈ તેમાં ૪ સીટો અમે હાર્યા છે, ૩ બેઠકો જીત્યા છે પરંતુ દેશના વડાપ્રધાન ઉત્તર ગુજરાત અને મહેસાણા જિલ્લાના વતની છે, એટલે દરેક મતદાર ઈચ્છતો હોય કે ગુજરાતનો વડાપ્રધાન બને એટલે હું માનું છું કે પાટણ પણ ગુજરાતના વડાપ્રધાન બનાવવા કચકચાઈને મતદાન કરી ભાજપ ને જીતાડશે,જોકે પત્રકારો ના વધુ પ્રશ્નો ના જવાબો આપવાનું ટાળી ભરત ડાભીએ ચાલતી પકડી હતી. પ્રદેશ મહામંત્રી અને પૂર્વ ગૃહ રાજ્ય પ્રધાન રજની પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે પ્રવાસી લોકસભા અંતર્ગત ૫ લોકસભા બેઠકોની પસંદગી કરવામાં આવી છે તે પૈકી પાટણ લોકસભાની બેઠક છે, આજે રાષ્ટ્રીય અધ્યક્ષ આ વિસ્તારમાં જનસભા માટે આવ્યા ત્યારે પાટણ લોકસભાના કાર્યકર્તાઓ સાથે મળવાનું થાય તે હેતુથી આ બેઠક અહીં રાખવામાં આવી હતી. મહત્વનુ છે કે અપેક્ષિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આગામી સમયમાં લોકસભામાં નીચે સુધી જઈ ને કઈ રીતે કામ કરવું તેનું માર્ગદર્શન જેપી નડ્ડાએ આપ્યું હતું.

# માંગરોળની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ પાસેથી ચાર્જ લેવાતા રોષ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૨

માંગરોળમાં રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં સરકારી હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓ પાસેથી ઓપીડી કેસ, એક્સ રે સહિતના વિવિધ ચાર્જ વસુલવાના કરાયેલા નિર્ણયની અમલવારી સામે ચોમેરથી વિરોધ ઉઠયો છે. સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સરેરાશ ૪૦૦થી વધુ ઓપીડી રહેતી હોય અને મુખ્યત્વે સાધારણ આર્થિક સ્થિતિ ધરાવતા દર્દીઓ લાભ લેતા હોય, આ નિર્ણય પરત લેવા માંગ ઉઠી છે. માંગરોળ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાંત અધિકારી (કેશોદ)ની અધ્યક્ષતામાં રોગી કલ્યાણ સમિતિની બેઠક મળી હતી. જેમાં સરકારી હોસ્પિટલમાં ઓપીડી કેસના ૧૦ રૂા., ફિઝિકલ ફીટનેશ સર્ટી.ના ૧૦૦ રૂા. તથા એક્સ રે માટે રૂા.૫૦ મુજબનો ચાર્જ વસુલવા ઠરાવ કરાયો હતો. જેની જુલાઈ માસથી અમલવારી કરવા નિર્ણય કરાયો હતો. દસકાઓથી કાર્યરત આ હોસ્પિટલમાં લોકો અત્યાર સુધી આરોગ્ય સંબંધિત સેવાઓ વિના મુલ્યે મેળવતા હતા. હાલ પણ શહેર તથા તાલુકાનો મર્યાદિત આવક ધરાવતો મોટો વર્ગ આ હોસ્પિટલનો લાભ લે છે. ત્યારે આ નિર્ણયને પગલે ખેતમજુરો, પશુપાલકો, નાના વેપાર ધંધા કરી માંડ બે છેડા ભેગા કરતાં લોકોમાં કચવાટ ફેલાયો છે. આ ઉપરાંત અનેક રાજકીય સંગઠનોએ પણ આ નિર્ણય પ્રજાલક્ષી નિતિ વિરૂદ્ધ અને ગરીબ પ્રજા ઉપર બોજ સમાન ગણાવી સેવાઓ વિના મુલ્યે જ ઉપલબ્ધ કરાવવા તેમજ હાલ હોસ્પિટલમાં ખાલી સર્જન, ગાયનેક તેમજ ઓર્થોપેડીક ડોકટરોની જગ્યાઓ ઉપર નિમણુંકો આપવા ઉચ્ચ કક્ષાએ માંગણી કરી છે.

# ખંભાળિયાના કુબેર વિસોત્રી ગામે રહેણાંક મકાનમાં ખાતર પાડતા તસ્કરો : રૂા.સાડા ચાર લાખના દાગીનાની ચોરી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા તાલુકાના નજીક આવેલા કુબેર વિસોત્રી રહેતા એક પરિવારના રહેણાંક મકાનમાં રાત્રિના સમયે તસ્કરોએ ત્રાટકી અને કબાટમાં રાખવામાં આવેલા સોના-ચાંદીના જુદા જુદા પ્રકારના દાગીનાઓ મળી, કુલ રૂપિયા ૪.૩૪ લાખનો મુદ્દામાલ ઉસેડી ગયા હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

આ પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાળવવા મળતી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના કુબેર વિસોત્રી ગામે રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા નરેન્દ્રસિંહ તખુભા જાડેજા નામના ૩૫ વર્ષના ગરાસીયા યુવાનના ઘરના સદસ્યો ગત તારીખ પાંચમીના રોજ રાત્રિના સમયે સુઈ ગયા હતા. બાદમાં તારીખ ૬ ના રોજ સવારના છ વાગ્યાના સમયે ઉઠતા તેમના રહેણાંક મકાનમાં ચોરી થઈ હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું. આ રહેણાંક મકાનમાં રાત્રિના સમયે તસ્કરોએ પ્રવેશ કરી અને ઘરમાં રહેલા કબાટનો લોક કોઈપણ રીતે ખોલી અને તેમાં રાખવામાં આવેલા રૂપિયા ૬૨,૦૦૦ ની કિંમતના બે સોનાના ચેન, રૂપિયા ૩૧ હજારની કિંમતની એક તોલા સોનાની લક્કી, રૂપિયા ૪૬,૫૦૦ ની કિંમતનું દોઢેક તોલા સોનાનું પેન્ડલ, રૂપિયા ૧.૨૪ લાખની કિંમતના સોનાના ચાર તોલા જેટલા વજનના બે સેટ, રૂપિયા ૬૨,૦૦૦ ની કિંમતનો આશરે બે તોલા સોનાનો એક પંજો, રૂપિયા ૪૬,૫૦૦ ની કિંમતના દોઢેક તોલા વજનના ચીપવાળા છ સોનાના ચુડલા, રૂપિયા ૬૨,૦૦૦ ની કિંમતની બે તોલા જેટલા વજનની બે નંગ વીંટી મળી આશરે ૨૪ તોલાના દાગીનાની ચોરી થયાનું ખુલવા પામ્યું છે. તસ્કરોએ કુલ રૂપિયા ૪,૩૪,૦૦૦નો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયા અંગેની ફરિયાદ નરેન્દ્રસિંહ તખુભા જાડેજાએ સલાયા મરીન પોલીસ મથકમાં નોંધાવી છે. જે સંદર્ભે સલાયાના ઈન્ચાર્જ પી.આઈ. વી.એન. સિંગરખીયા તથા સ્ટાફ દ્વારા ડોગ સ્કવોડ તથા એફ.એસ.એલ.ના નિષ્ણાતોની ટીમ બોલાવવાની તજવીજ કરી, તસ્કરોની શોધખોળ હાથ ધરી છે. ચોરીના આ બનાવે નાના એવા કુબેર વિસોત્રી ગામમાં ભારે ચકચાર પ્રસરાવી છે.

# સતત એક કિલોમીટર સ્ટ્રેચર સાથે ચાલીને કલ્યાણપુર પંથકના મહિલાની ૧૦૮ ટીમ દ્વારા સઘન સારવાર અપાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે રહેતા જાંજીબેન નામના ૫૫ વર્ષના પ્રૌઢા બેભાન થઈ જતા આ અંગે ઈમરજન્સી ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને રાણ-લીંબડી લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચવા નીકળી હતી. ખાખરડા ગામના વાડી વિસ્તારમાં જતા અહીં રસ્તો ખૂબ જ હોવાના કારણે એમ્બ્યુલન્સ એક સ્થળે રાખી અને આ એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી. દશરથભાઈ રામ અને પાયલોટ અક્ષયભાઈએ એક કિલોમીટર મહિલાના ઘર સુધી ચાલતા જઈ અને બીમાર રહેલા જાંઝીબેનને સ્ટ્રેચર ઉપર લાવી અને ૧૦૮ માં જરૂરી સારવાર આપી હતી. ત્યારબાદ આ મહિલા દર્દીને વધુ સારવારની જરૂરિયાત જણાતા નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### ગુજરાતનાના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશીના સમાચાર

# ગુજરાતમાં રૂા. ૧૦ લાખની આરોગ્ય વીમા સહાયનો પ્રારંભ

## આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વિધિવત રીતે આયુષ્માન કાર્ડ અતંર્ગત રૂા.૧૦ લાખની વીમા સહાયનો શુભારંભ કરાવ્યો

અમદાવાદ, તા.૧૨

તારીખ ૧૧ જુલાઈથી સમગ્ર રાજ્યના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશીના સમાચાર આવ્યા છે. હાલ રાજ્યના ૧.૭૯ કરોડ PMJAY-મા કાર્ડ ધારકોને આયુષ્માન કાર્ડ અંતર્ગત મળતી રૂા. ૫ લાખની આરોગ્ય વીમા કવચની સહાય રૂા. ૧૦ લાખ થઈ છે. બજાજ ઈન્સોયરન્સ કંપનીના હોદ્દેદારોએ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ગાંધીનગર સ્થિત કાર્યાલય ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. જેમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, કમિશ્નર શાહમીના હુસૈન, એન.એચ. એમ.ના ડાયરેક્ટર ડો. રેમ્યા મોહન અને આયુષ્માન યોજના સાથે સંકળાયેલા ડો. જૈન, ડો. આનંદ સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ શુભેચ્છા મુલાકાત બાદ મંત્રી ઋષિકેશ પટેલે વિધિવત રીતે આયુષ્માન કાર્ડ અંતર્ગત રૂા.૧૦ લાખની વીમા સહાયનો શુભારંભ કરાવ્યો હતો. રૂા.૧૦ લાખની આરોગ્ય વીમા સહાયથી હૃદય, કિડની, લીવર, ગર્ભાશય જેવા ટ્રાન્સપ્લાન્ટની સાથે સાથે કોક્લિયર ઈમ્પાન્ટ સહિતની અન્ય જટીલ પ્રકારની સર્જરીઓ પણ હવેથી આ કાર્ડ અંતર્ગત સરળતાથી મળવાપાત્ર બનશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. અત્યંત જટીલ અને ખર્ચાળ સર્જરીઓનો લાભ આ વીમા સહાયની રકમ વધતા પરિવાજનોને સરળતાથી મળી શકશે. જેના પરિણામે આયુષ્માન કાર્ડ ધારક પરિવારોની આરોગ્ય સમૃદ્ધિમાં વધારો થશે. બજાજ કંપનીના હોદ્દેદારો , આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે મળેલી બેઠકમાં આગામી બેંક ઈન્ટીગ્રેશન, રીયલ ટાઈમ ડેટા ટ્રેકીંગના મજબૂતીકરણ, એન્ટી ફ્રોડ એજન્સીની કામગીરીના સુદ્રઢીકરણ, હોસ્પિટલ સંચલાકો માટે નવીન SOP બનાવવી, FAQ તૈયાર કરવાના મુદ્દે વિગતવાર ચર્ચા હાથ ધરાઈ હતી. કુલ મળીને ૨૪૭૧ જેટલી વિવિધ હોસ્પીટલોમાં સારવારનો લાભ આયુષ્માન કાર્ડ અંતર્ગત મળશે.

દેશની નારીને આત્મનિર્ભર બનાવીને તેના થકી પરિવાર અને દેશની ઉન્નતિની સંકલ્પનાને સાર્થક કરવા "રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન" (NRLM) હેઠળ

# નારી સમૃદ્ધ તો દેશ સમૃદ્ધઃ રાજ્યમાં મહિલા ઉત્કર્ષ ક્ષેત્રે પરિણામલક્ષી કામગીરી

# ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથોને છેલ્લા ૩ માસમાં અપાયું ૩૫૦ કરોડનું ધિરાણ

## ગુજરાત રાજ્યમાં ૩.૧૧ લાખ સ્વસહાય જૂથો ૪૦૧.૧૫ કરોડ રૂપિયાનું બચત ભંડોળ ધરાવે છે

દેશનાં વિકાસમાં મહિલાઓ મહત્ત્વનો ફાળો આપી રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ મહિલા ઉત્કર્ષ ક્ષેત્રે પરિણામલક્ષી કામગીરી થઈ રહી છે.

આ દેશની નારીને આત્મનિર્ભર બનાવીને તેના થકી પરિવાર અને દેશની ઉન્નતિની સંકલ્પનાને સાર્થક કરવા "રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન"(NRLM) હેઠળ સ્વ-સહાય જૂથોની પ્રવૃત્તિઓને વેગ અપાઈ રહ્યો છે. જે અંતર્ગત આ જૂથો સાથે જરૂરિયાતમંદ મહિલાઓને જોડવામાં આવે છે. જૂથમાં જોડાયા પછી મહિલાઓ સ્વરોજગારી માટે બેંકમાંથી આવશ્યક ધિરાણ મેળવી શકે છે. આમ આજીવિકાનો આધાર મજબૂત કરીને મહિલાઓ સ્વમાન સાથે સ્વાવલંબી જીવન જીવી શકે છે. રાજ્યમાં છેલ્લા ત્રિમાસિક ગાળામાં મહિલા સંચાલિત ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથો વિવિધ બેંકોમાંથી ૩૫૦ કરોડનું ધિરાણ મેળવીને નારી સશક્તિકરણનું કાર્ય આગળ વધારી રહ્યા છે. સ્ટેટ લેવલ બેંકિંગ કમિટીના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી લઈને ૩૦ જૂન, ૨૦૨૩ સુધીમાં ગુજરાત રાજ્યમાં આશરે ૩,૧૧,૧૦૬ સ્વસહાય જૂથ (સેલ્ફ હેલ્પ ગ્રૂપ)ના ૩૦,૧૮,૩૫૪ સભ્યો વિવિધ બેંકોમાં નોંધાયેલા છે.

આ જૂથોના ખાતાઓમાં ૪૦૧.૧૫ કરોડ રૂપિયાનું બચત ભંડોળ જમા થયેલું છે. આમાંથી માત્ર મહિલા સંચાલિત હોય તેવા ૨,૮૦,૧૭૮ સ્વસહાય જૂથ છે. જેમાં ૨૭,૫૩,૭૭૧ સભ્યો નોંધાયેલા છે. જેમના ખાતામાં ૩૨૮.૭૨ કરોડ જેવું માતબર ભંડોળ એકત્રિત થયેલું છે. ચાલુ નાણાકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં, ૨૯,૬૦૨ સ્વસહાય જૂથને વિવિધ રાષ્ટ્રીયકૃત, સહકારી, પ્રાદેશિક ગ્રામીણ બેંક, ખાનગી તેમજ સ્મોલ ફાઈનાન્સ બેંકો મળીને કુલ ૨૨ બેંકો મારફત ૩૯૩.૨૧ કરોડની લોન આપવામાં આવી છે. જેમાંથી ૨૨,૬૩૨ જૂથ નવા હતા, જેમને ૩૦૫.૩૫ કરોડની લોન આપવામાં આવેલી છે. આ સ્વસહાય જૂથોમાંથી ૨૫,૭૯૨ જૂથ માત્ર મહિલા સંચાલિત છે. જેમને ૩૫૦.૮૨ કરોડની લોન આપવામાં આવેલી છે. જેમાંથી ૧૯,૫૫૩ ગ્રૂપ નવા છે, જેમને ૨૭૦.૯૨ કરોડની લોન આપવામાં આવેલી છે. નોંધનીય છે કે, સ્વ-સહાય જૂથો (SHGs) દેશની વિકાસ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ એક અનૌપચારિક જૂથ છે, જેમાં લોકોનું જૂથ સાથે મળીને તેમની સમસ્યાઓ હલ કરવા માટે કામ કરે છે. આ સિવાય સ્વ-સહાય જૂથો પરિસ્થિતિ અને જરૂરિયાતને આધારે ઘણાં વિવિધ હેતુઓ માટે પણ કામ કરે છે.

**શું છે સ્વસહાય જૂથ ?**

સ્વ સહાય જૂથ એટલે કે સેલ્ફ હેલ્પ ગ્રૂપ (SHGs) એ સામાન્ય-ગરીબ-જરૂરિયાતમંદ લોકોનો નાનો સમૂહ છે. આ જૂથમાં મોટાભાગના સભ્યો એકસરખી સમસ્યાઓ ધરાવતા હોય છે, જેઓ એકબીજાને મદદ કરે છે એટલે કે સમસ્યાઓ ઉકેલે છે. એસ.એચ.જી. તેમના સભ્યોને નાની બચત માટે પ્રેરિત કરે છે.

અને આ બચત એસ.એચ.જી.ના નામે સામાન્ય ફંડ રૂપે બેંકમાં જમા કરવામાં આવે છે. જ્યારે કોઈ સભ્યને પૈસાની જરૂર હોય ત્યારે જૂથ પોતાના સભ્યોને તેમના સામાન્ય ભંડોળમાંથી નાની લોનના રૂપમાં ભંડોળ પૂરૂ પાડે છે. સામાન્યરીતે આ જૂથોમાં સભ્યોની સંખ્યા ૧૦થી ૨૦ સુધીની હોય છે. મધ્યમ વર્ગ અને ગરીબી રેખા નીચે જીવતા લોકોને આત્મનિર્ભર બનાવવામાં સ્વ-સહાય જૂથોનો મહત્વનો ફાળો છે. એસ.એચ.જી. જૂથના સભ્યોને તેમની આવક વધારવા, તેમના જીવનધોરણ અને સમાજમાં સ્થિતિ સુધારવા માટે સક્ષમ બનાવે છે. તે સમાજના આ વર્ગને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે પ્રેરકબળ તરીકે કામ કરે છે.

**ખાસ લેખઃ સંદીપ કાનાણી, ભાવિકા લિંબાસિયા**

### ખેડૂતો માટે ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

# ખેડૂતોના હિતાર્થે રૂા. ૪૫ કરોડની જોગવાઈ સાથે વધુ એક યોજના અમલમાં મૂકાઇ

## રાજ્યના ફળપાકોની ઉત્પાદકતા વધારવા ખેડૂતોને આંબા, જામફળ અને કેળ પાકમાં અપાશે આર્થિક સહાય

અમદાવાદ, તા.૧૨

દેશના ખેડૂતોની આવક બમણી કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નિર્ધાર કર્યો છે. ગુજરાતના ખેડૂતોની આવકમાં પણ વધારો થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજયના ખેડૂતો ખેતીની પરંપરાગત પદ્ધતિ ઉપરાંત વૈજ્ઞાનિક અભિગમ સાથેની આધુનિક પદ્ધતિ અપનાવીને વધુ આવક મેળવી શકે તે માટે તાજેતરમાં જ ગુજરાત સરકાર દ્વારા વધુ એક નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

બાગાયત ખાતા દ્વારા અમલમાં મૂકાયેલી નવી યોજના અંગે માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ફળપાકોના એકમ વિસ્તારમાં મહત્તમ ફળઝાડના વાવેતર થકી ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી શકે છે. રાજયના ખેડૂતો ક્રોપ ડાઈવર્સીફીકેશન કરી આંબા અને જામફળ સહિતના ફળપાકમાં ઘનિષ્ઠ ખેતી પદ્ધતિ તેમજ કેળ પાકમાં ટીસ્યુકલ્ચર ટેકનોલોજી અપનાવી પોતાની આવકમાં વધારો કરી કરી શકે છે. રાજ્યના ખેડૂતો બાગાયતી પાકોમાં ફળપાકોનું ગુણવત્તાયુક્ત કલમો અને રોપાથી વાવેતર કરતા થાય તે માટે જ રાજય સરકારે વધુ એક પ્રોત્સાહક યોજના અમલમાં મૂકી છે. આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં રૂા. ૪૫૦૦ લાખ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. મંત્રી વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, આ નવી યોજના હેઠળ ખેડૂતોને આંબા પાકના વાવેતરમાં કલમ દીઠ મહત્તમ રૂા. ૧૦૦ અથવા પ્રતિ કલમ ખરેખર થયેલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેને ધ્યાને લઇ મહત્તમ રૂા. ૪૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. આ ઉપરાંત પ્રથમ વર્ષે આંતર પાકમાં અન્ય બાગાયતી પાકના પ્લાન્ટિંગ મટીરીયલના ખર્ચના ૫૦ ટકા લેખે મહત્તમ રૂ. ૧૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, જામફળ પાકમાં કલમ કે ટીસ્યુ રોપા દીઠ મહત્તમ રૂા. ૮૦ અથવા પ્રતિ કલમ/ટીસ્યુ રોપા દીઠ ખરેખર થયેલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેને ધ્યાને લઈ મહત્તમ રૂા. ૪૪,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. પ્રથમ વર્ષે આંતર પાકમાં અન્ય બાગાયતી પાકના પ્લાન્ટિંગ મટીરીયલના ખર્ચના ૫૦ ટકા લેખે મહત્તમ રૂા. ૬,૦૦૦ પ્રતિ હેકટર સહાય ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે. આવી જ રીતે કેળપાકમાં પણ ટીસ્યુકલ્ચર રોપા દીઠ મહત્તમ રૂા.૫ સહાય ધ્યાને લઈ મહત્તમ રૂા. ૧૫,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવા માં આવશે.

મંત્રી પટેલે કહ્યું હતું કે, આ યોજના થકી ગુજરાતમાં આંબા પાકનો વાવેતર વિસ્તાર ૨૫૦૦ હેકટર, જામફળ પાકનો વાવેતર વિસ્તાર ૨૦૦૦ હેકટર તથા કેળ પાકનો વાવેતર વિસ્તાર ૧૫,૦૦૦ હેક્ટર વિસ્તાર મળી રાજયમાં બાગાયતી પાકનો વાવેતર વિસ્તાર કુલ ૧૯,૦૦૦ હેકટર જેટલો વધારવાનું રાજ્ય સરકારનું આયોજન છે. આ લક્ષ્યાંકને પહોંચી વળવા બાગાયત ખાતાની નવી યોજના ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સંપૂર્ણપણે પારદર્શિતાના અભિગમ સાથે ફળ પાક ઉત્પાદકતા વધારવા માટેના આ કાર્યક્રમ અંતર્ગત મળવાપાત્ર સહાય DBTના માધ્યમથી સીધા જ ખેડૂતોના ખાતામાં ચૂકવવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# માળીયા હાટીના સામુહિક આરોગ્ય કેન્દ્રની સેવાઓનો ત્રીસ ગામનાં લોકો લાભ મેળવે છે

## ૧૮૦૦થી વધુ ડાયાબિટીસના દર્દીઓ નિયમિત સારવાર મેળવે છે

● ડાયાબિટીસ, કેન્સર, સ્ટ્રોક વગેરે જેવા બિનચેપી રોગો અટકાવવા માટે ૩૦થી ઉંમરના લોકોનું સ્ક્રિનિંગ-હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું

● ફિઝિયોથેરાપી, દાંતની સારવાર (ડેન્ટીસ્ટ) જેવી પણ આરોગ્ય સવલત ઉપલબ્ધ, મહિનામાં ૩૦ જેટલી થાય છે સફળ પ્રસૂતિ

● તબીબી રિપોર્ટ માટે અદ્યતન લેબ અને એક્સ-રે સેવાનો દર્દીઓને મળે છે લાભ






જૂનાગઢ, તા.૧૨

રાજય સરકાર સુદ્રઢ આરોગ્ય સેવાઓની પ્રતીતિ કરાવે છે માળીયા હાટીના સામૂહિક કેન્દ્ર. અહીંયા માળિયા હાટીના ઉપરાંત આજુબાજુના ત્રીસેક જેટલા ગામોના લોકોને આરોગ્ય સેવાઓનો લાભ મળી રહ્યો છે. અદ્યતન તબીબી સેવાઓ સાથેના આ સામૂહિક કેન્દ્રમાં દૈનિક ૨૨૫થી વધુ દર્દીઓ લાભ-સારવાર મેળવી રહ્યા છે. ઉપરાંત મહિનામાં સરેરાશ ૩૦ જેટલી સફળ પ્રસૂતિ પણ આ કેન્દ્રમાં થાય છે

મેડિકલ ઓફિસર ડો. કરમટા કહે છે કે, લોકોને સુલભ રીતે રાજ્ય સરકારની આરોગ્ય સેવાઓનો લાભ મળી રહે તે માટે કાળજી લેવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારના લોકો પણ મોટા પ્રમાણમાં અહિ સારવાર લેવા આવે છે. ત્યારે લોકોને વ્યાવસાયિક ધોરણોસરની આરોગ્ય સેવા મળી રહે તે માટે અમારા પ્રયત્નો હોય છે. ૧૮૦૦થી વધુ ડાયાબિટીસના દર્દીઓ નિયમિતપણે સમયાંતરે ચેકઅપ-સારવાર માટે આવે છે. તેમને દવાની સાથે જરૂરી તબીબી સલાહ આપવામાં આવે છે. ઉપરાંત ડાયાબિટીસ, કેન્સર, સ્ટ્રોક વગેરે જેવા બિનચેપી રોગો અટકાવવા માટે ૩૦ થી ઉંમરના લોકોનું સ્કીનિંગ-હેલ્થ ચેકઅપ માટે અલાયદી વ્યવસ્થા છે. જેથી નાની ઉંમરમાં કોઈ બીમારી સામે આવે તો વહેલું નિદાન કરી તેના માટે જરૂરી સારવાર શરૂ કરી શકાય. તેઓ કહે છે કે, લકવા વગેરે બીમારીમાં ફિઝિયોથેરાપીની ખૂબ જરૂર પડે છે. આ માટે અદ્યતન સાધનો સાથે ફિઝીયોથેરાપીસ્ટ અહીંયા ફુલ ટાઈમ ઉપલબ્ધ છે. તેવી જ રીતે રીતના દાંતના રોગો નિષ્ણાંત ડોકટરની સેવાઓ પણ અહીં ઉપલબ્ધ છે. બીમારીઓના નિદાન માટે જરૂરી તબીબી રિપોર્ટ અદ્યતન માટે લેબોરેટરી અને એક્સ-રેની સેવાઓ પણ આ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત ડોક્ટર્સ, પેરામેડિકલ સ્ટાફ, આરોગ્ય કર્મીઓ સમર્પિત ભાવ સાથે લોકોને આરોગ્ય સેવાઓ આપવા તત્પર રહે છે.

# રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ જૂનાગઢ દ્વારા ગુરૂ વંદન કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ, તા.૧૨

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ જૂનાગઢ દ્વારા ભારતી આશ્રમ ભવનાથ ખાતે ગુરૂ વંદન કાર્યક્રમ યોજાયો જેમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રાંતના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ અને સંગઠન મંત્રી સરદારસિંહ મછાર, જીતુભાઈ ખુમાણ, દેવાયતભાઈ ભોળા સહિતના પ્રાંતના પદાધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા અને આપણા જીવનમાં ગુરૂનું મહત્વ શું છે તેના ઉપર પ્રસંગોચિત વકતવ્ય આપી અને શિક્ષકોને માર્ગદર્શન આપ્યું હતું. આ ગુરૂ વંદન કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાના પ્રાથમિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક એચ ટાટ આચાર્ય સંવર્ગના શિક્ષકો અને આચાર્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભારતી આશ્રમ ભવનાથના લઘુ મહંત મહાદેવ ભારતીબાપુએ દીપ પ્રાગટ્ય કરી અને કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો અને આશીર્વચન પાઠવ્યા હતા તેમજ જૂનાગઢ જિલ્લાની ના પ્રાથમિક સંવર્ગની જિલ્લા કારોબારી મળી હતી જેમાં નવી ટીમની રચના કરવામાં આવી હતી જેમાં પ્રાથમિક સંવર્ગના જૂનાગઢ જિલ્લાના અધ્યક્ષ તરીકે સુરેશભાઈ ખુમાણ, મંત્રી તરીકે વિરમભાઈ ચોચા, સંગઠન મંત્રી તરીકે યોગેશભાઈ ખુંટ અને વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે કૈલાશભાઈ સુદાનીની નિમણૂંક કરવામાં આવી હતી તેમજ એચ ટાટ આચાર્ય સંવર્ગમાં રાજુભાઈ સુતેજા, વિનયભાઈ આરસીભાઈની વરણી કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લાના કારોબારી ટીમની ઘોષણા કરવામાં આવી હતી તેમજ એચ. ટાટ આચાર્યની નવી ટીમની રચના કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષીક સંઘના સૌ જિલ્લાના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી. રાષ્ટ્રીય શેક્ષીક મહાસંઘ ગુજરાતપ્રાંત ઉપાધ્યક્ષ જીતુભાઈ ખુમાણની યાદીમાં જણાવાયું છે.

# મહિલાનું એક વર્ષ બાદ પતિ સાથે સુખદ સમાધાન કરાવતું પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર જૂનાગઢ



જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ જિલ્લાના એક ગામના મહિલા જે પોતાના બે બાળકો સાથે એક વર્ષથી પિયરમાં રહેતા હતા. તેમણે શારીરિક માનસિક ત્રાસ આપી અને સાસરિયા પક્ષે રિસામણે જાવા માટે મજબુર કરાતા એક વર્ષથી પિયરમાં રહેતી હોવા છતાં સાસરિયા પક્ષ દ્વારા કોઈ દરકાર લેવામાં આવેલ ન હોવા છતાં બહેનને પોતાનો ઘરસંસાર ચલાવવો હોય તેથી પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર-જુનાગઢ)ની મદદ લેવામાં આવી હતી અને પોતાના ઉપર થયેલા ત્રાસ અંગેની લેખિતમાં અરજી આપી હતી.

આ અરજીનાં અનુસંધાને સેન્ટરનાં કાઉન્સેલર મયુરીબેન એમ.ગોઢા અને મનિષાબેન ડી.રત્નોતર દ્વારા પતિ અને સાસરીયાઓને સેન્ટર ઉપર બોલાવી સમજાવામાં આવ્યા હતા અને બાળકોનાં ભવિષ્યનું વિચારવા માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ. બહેનની ઈચ્છા પ્રમાણે તેમના પતિ અને સાસરીમાં અન્ય સભ્યો સહમત થતાં બેનના પતિએ ભવિષ્યમાં આવી ભૂલ નહી થાય તે બાબત લેખિતમાં બાંહેધરી આપી હતી અને સુખદ સમાધાન થતાં પરિવારનાં સભ્યોએ સેન્ટરના કાઉન્સેલરોનો આભાર વ્યક્ત કર્યો હતો. હાલમાં આ પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર મહિલા પોલીસ સ્ટેશન કાળવા ચોક ખાતે કાર્યરત છે.

# જૂનાગઢ ખોડલધામ સમિતિ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

## રક્તદાતાઓએ હોંશભેર રક્તદાન કરી નરેશભાઈ પટેલનાં ૫૮માં જન્મદિવસની ઊજવણી કરી




જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ ખોડલધામ સમિતી અને ખોડલધામની વિવિધ પાંખનાં હોદેદારોએ ગઈકાલે ખોડલધામનાં ચેરમેન નરેશભાઈ પટેલનાં ૫૮માં જન્મદિવસની રક્તદાન કરી ઉજવણી કરી હતી. રક્તદાતાઓએ જૂનાગઢ શહેરમાં દર્દીઓને રકતની જરૂરીયાત સંતોષાય અને શ્રધ્ધેય વ્યક્તિત્વને રક્તદાન દ્વારા શુભકામનાં વ્યકત થાય એવા ભાવ સાથે રક્તદાન કર્યુ હતું. રક્તદાન શીબીર અંગે જાણકારી આપતા જૂનાગઢ ખોડલધામ સમિતીનાં જિલ્લા કન્વીનર પરેશભાઈ ડોબરીયાએ ખોડલધામની વિવીધ પ્રવૃતિઓ સાથે આજનાં રક્તદાન કેમપ દ્વારા રકતની આવશ્યકતા સંતોષાય તે બાબતે વિગતો આપી હતી. આ તકે ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી ગોપાલભાઈ રૂપાપરા, ડો. ગીરીશભાઈ ગજેરા, શહેર અગ્રણી કરશનભાઈ ધડુક, અનિલભાઈ પટોળીયા, અમુભાઈ પાનસુરીયા, જેરામભાઈ ટીંબડીયા, નગર સેવક ભરતભાઈ શીંગાળા, પ્રવિણભાઈ અકબરી, નટુભાઈ પટોળીયા, સુશ્રી ભાવનાબેન હિરપરા સહિત અગ્રણીઓ અને શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળનાં પ્રમુખ હરેશભાઈ અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહી રકતદાન કેમ્પમાં જોડાયા હતા.

# કોડીનારમાં એસઓજી ટીમ દ્વારા સતર્કતા ડ્રાઈવ યોજાઈ

## ગુનો બનવાની શકયતા વાળી તમામ જાહેર જગ્યા એ ચેકીંગ હાથ ધરાયું

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૨

કોડીનાર શહેરમાં ગઈકાલે ગીર સોમનાથ પોલીસની એસ.ઓ.જી.ટીમ દ્વારા લોકોમાં જાગૃતિ સતર્કતા માટે વિવિધ સેન્સેટીવ સ્થાનો ઉપર સ્પે.ડ્રાઈવ યોજી તપાસ કરવામાં આવી હતી. ગીર સોમનાથ એસ.પી.જાડેજાના અધ્યક્ષસ્થાને અને ગીર સોમનાથ એસ.ઓ.જી. પી.આઈ. એ.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. સ્ટાફ એલ.ડી.મેહતા, ગોપાલસિંહ મોરી અને મેહુલભાઈ પરમારે શહેરમાં જયાં ગુનો બનવાની વધુ શક્યતાઓ રહેલી છે તેવા અનેક સેન્સેટીવ સ્થાનો જેવા કે આંગડિયા પેઢીઓ, અગ્રણી વેપારી પેઢી, બેંકો, બસ સ્ટેન્ડ, સ્કૂલો વગેરેમાં વેપારીઓ અને લોકોમાં ગુના સંબધિત જાગૃતિ અને સતર્કતા લાવવા માટે સ્પે.ડ્રાઈવ કરી સંભવિત ગુનાઓને ખાળવા અને પોલીસને મદદ કરવા જરૂરી સલાહ સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું તેમજ કોડીનારની તમામ આંગડિયા પેઢીઓ અને અગ્રણી વેપારીઓને દુકાન સહિત આજુ બાજુના મેઈનરોડ ઉપર ખાસ સીસીટીવી કેમેરા લગાડવા સૂચના આપી હતી. તેમજ એસ.ઓ.જી.ટીમ દ્વારા ડ્રાઈવ દરમ્યાન કોડીનારના ગેસ્ટ હાઉસોમાં પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી અંગે ચેકીંગ હાથ ધરતા કોડીનારના સોમનાથ ગેસ્ટ હાઉસના સંચાલક સરકારના પથિક સોફ્ટવેરમાં ઉતારૂઓની એન્ટ્રી કરતા ન હોવાનું જણાતા એસ.ઓ.જી. દ્વારા ગેસ્ટ હાઉસના સંચાલક વિરૂદ્ધ જાહેરનામાં ભંગના ગુનાની ફરીયાદ નોંધવામાં આવી હતી. એસ.ઓ.જી. દ્વારા સ્પે.ડ્રાઈવ હાથ ધરવામાં આવતા ગુનેગારોમાં ફફડાટ ફેલાયો હતો. જયારે વેપારીઓમાં સતર્કતા માટે જાગૃતિ આવી હતી.

# દ્વારકા : શારદાપીઠાધીશ્વર જગતગુરૂ શંકરાચાર્ય મહારાજશ્રીની પ્રથમ ધર્મ સભા ગૂગળી બ્રાહ્મણ જ્ઞાતિના આંગણે યોજાઈ





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૨

અનંત શ્રી વિભૂષિત દ્વારકા શારદા પીઠાધીશ્વર જગતગુરૂ શ્રી શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદજી સરસ્વતી મહારાજ શ્રીનું હાલ ચાતુર્માસ અનુષ્ઠાન ચાલી રહ્યું છે ત્યારે શારદાપીઠાધેશ્વર બાદ તેમની પહેલી ધર્મ સભા તારીખ ૯ /૭/ ૨૦૨૩ રવિવારના રોજ દ્વારકાની ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિની બ્રહ્મપુરી નંબર ૧માં યોજવામાં આવી હતી જેમાં જગતગુરૂ સ્વામી શંકરાચાર્યશ્રીએ ગુગગુળી બ્રાહ્મણ જ્ઞાતિને આશીર્વાદ પ્રદાન કરી દ્વારકામાં ધર્મ સભાઓની શરૂઆત કરી હતી. ગુગળી કબ્રાહ્મણ જ્ઞાતિની બ્રહ્મપુરી એકને પુષ્પ માળા તોરણોથી શણગારવામાં આવી હતી. વાજતે ગાજતે સંગીત સાથે શોભાયાત્રામાં ગુગળી બ્રાહ્મણના પરંપરાગત પોશાક પીતાંબર, બંડી, પછેડી તેમજ તિલક કરીને બ્રાહ્મણોએ વિશાળ માનવહરોળ તૈયાર કરી પુષ્પવૃષ્ટિ કરી જગતગુરૂનું સ્વાગત કર્યું. જ્ઞાતિના કારોબારી સદસ્યોએ સાથે મળીને અંદાજે ૨૧ કિલોની ગુલાબથી ગુંથેલી વિશાળ પુષ્પમાળા ગુરૂજીને પહેરાવી ગુજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સભાની પ્રાથમિક શરૂઆતમાં જ્ઞાતિના જ શિક્ષણ મંત્રી અજીતભાઈ પાઠ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું જ્ઞાતિના વર્તમાન પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાયે સમગ્ર જ્ઞાતિ વતી જગતગુરૂ શંકરાચાર્ય શ્રી સદાનંદજી સરસ્વતી મહારાજનું સ્વાગત કરી પહેલી ધર્મ સભા ગૂગળી બ્રાહ્મણના આંગણે આયોજિત કરવા બદલ જગતગુરૂનો આભાર વ્યક્ત કર્યો હતો. ધર્મસભાના દ્વિતીય ચરણ દરમ્યાન ગૂગળી જ્ઞાતિના અલગ અલગ અટકના ૧૪ કુટુંબોના પ્રતિનિધિઓએ જગતગુરૂને પુષ્પહાર અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા સમગ્ર જ્ઞાતિ વતી કારોબારી સમિતિના સદસ્ય રનંદ કિશોરભાઈ મીન દ્વારા ગુરૂજીની પાદુકા પૂજન મહા આરતી કરવામાં આવી હતી. ધર્મસભાના ત્રીજા ચરણમાં જગતગુરૂ દ્વારા ધર્મ ઉપદેશ આપવામાં આવ્યો જેમાં સમગ્ર સૃષ્ટિમાં ઈશ્વરનું મહત્વ શું છે ? બ્રાહ્મણી પરંપરા શું છે ? બ્રાહ્મણોનું સમાજમાં મહત્વ શું છે ? દ્વારકાધીશજી દ્વારકામાં બિરાજીને સમગ્ર વિશ્વનું કઈ રીતે રક્ષણ સંચાલન કરે છે ? વગેરે વિષયો ઉપર સચોટ ઉદાહરણો આપી ધર્મપથ નો જ્ઞાન આપ્યું. "જગતગુરૂએ આર્શીવચન આપતા જણાવ્યું હતું કે, સમગ્ર જગત દેવતાઓના આધીન છે, દેવતાઓ મંત્રોને આધીન છે, તે મંત્રો બ્રાહ્મણોને આધીન છે અને એટલા માટે બ્રાહ્મણ એ સમાજમાં પૂજા યોગ્ય છે." ધર્મ સભાના અંતિમ ચરણમાં જગતગુરૂએ ગૂગળી બ્રાહ્મણ જ્ઞાતિની ધાર્મિક ભાવના અને ગુરૂ પરંપરાના વખાણ કર્યા. ધર્મસભાની પુણાહુતિ બાદ દ્વારકાધીશના પરમ ભક્ત બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ પરિવાર દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિની વ્યવસ્થાપક સમિતિના સર્વ સભ્યોએ આ પ્રસંગે સુંદર વ્યવસ્થા યોજી હતી જેનો લાભ દ્વારકા સહિત આસપાસના જ્ઞાતિના જ્ઞાતિજનોએ પ્રાપ્ત કર્યો હતો.

# ઉના : જન્મ દિવસની અનોખી ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૨

કેશવ કોપરેટિવ ક્રેડિટ સોસાયટી જૂનાગઢની ઉના શાખા દ્વારા સિનિયર ઓફિસર ઉપેન્દ્રભાઈ રોજસરાના જન્મ દિવસ નિમિતે દેલવાડાથી ગુપ્તપ્રયાગ જતા રોડ ઉપર આવેલ શ્રી મહાકાળી માતાજીના મંદિરના આશ્રમના પરિસરમાં ઉનાના નગરપાલિકાના ઉપપ્રમુખ ચંદ્રેશભાઈ જોશી, સંજયભાઈ બાંભણિયા, ચનુભાઈ રાણાભાઈ બાંભણિયા, માવજીભાઈ વાઢેર, અતુલભાઈ વાઘેલા, મેહુલભાઈ ઉપાધ્યાય, રાજેશભાઈ નિમાવત અને સ્ટાફે વૃક્ષો વાવી તેનું જતન કરવા સંકલ્પ લીધો હતો. હરિયાળું ગુજરાત બનવવા શાખાના સિનિયર ઓફિસર અનોખી રીતે જન્મ દિવસ ઉજવી પ્રેરણા દાયક કાર્ય કર્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## ગ્લેશિયર સંકટ : સુધરી જાવ નહીંતર કુદરતનાં રૌદ્ર સ્વરૂપનો સામનો કરવા તૈયાર રહો

સુધરી એ રિપોર્ટ ભાવિ પેઢીઓના ભવિષ્યને લઈને ભારે ચિંતા પેદા થઈ છે કે જો વધતા પર્યાવરણીય તાપમાનને ઓછુ કરવાના ગંભીર પ્રયાસ ન થયા તો આવનાર આઠ દાયકાઓ બાદ હિંદુકુશ હિમાલય ક્ષેત્રના એંશી ટકા ગ્લેશિયરો પીગળી જશે. ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઇંટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટની આ ચેતવણી ખતરાની ઘંટડી છે કે સુધરી જાવ નહીં તો કુદરતના રૌદ્ર રૂપનો સામનો કરવા તૈયાર રહો. અધ્યયનના નિષ્કર્ષોના આધાર પર આશંકા છે કે જો ગ્રીનહાઉસ ગેસોનું ઉત્સર્જન આ જ રીતે વધતું રહ્યું તો હિંદુકુશ હિમાલયી ક્ષેત્રના એંશી ટકા ગ્લેશિયરો વર્ષ ૨૧૦૦ સુધી નષ્ટ થઈ જશે. ધ્યાન રહે કે દુનિયામાં ધ્રુવીય વિસ્તારો ઉપરાંત સૌથી વધારે બરફ આ જ વિસ્તારોમાં જમા છે. જેને એકત્ર થવામાં હજારો વર્ષ લાગ્યાં છે. અધ્યયનના નિષ્કર્ષ ચોંકાવનારા છે કે આ સદીના પહેલા દાયકાના મુકાબલે બીજા દાયકામાં ગ્લેશિયર ૬૫ ટકા તીવ્ર ગતિથી પીગળ્યા છે, જે સ્થિતિની ભયાવહતાને જ દર્શાવે છે. ગ્લોબલ વોર્મિંગથી થનારા નુક્સાનનું સ્તરની જાણ એ વાતે થાય છે કે વર્ષ ૨૧૦૦ સુધી જો આ ગતિથી ગ્લેશિયર પીગળતા રહ્યા તો આ ક્ષેત્રના બે અબજ લોકોના રોજગાર અને જીવન પર ભયાવહ અસર પડશે. એનાથી આપણી સિંચાઈ વ્યવસ્થા જ ધ્વસ્ત નહીં થાય, પરંતુ પશુધનની પણ ભારે ક્ષતિ થશે. હિંદુકુશ હિમાલય ક્ષેત્રના ગ્લેશિર અને બરફથી આચ્છાદિત પર્વત શૃંખલાઓથી જે જીવનદાયી પાણી ક્ષેત્રની બાર નદીઓ દ્વારા નીકળે છે તે લગભગ ચોવીસ કરોડ લોકોના પીવાના પાણીનો મુખ્ય સ્રોત પણ છે. એટલું જ નહીં, જો ઝડપથી ગ્લેશિયર પીગળશે તો ભીષણ પૂર-હિમસ્ખલનથી ભારે માનવીય નુક્સાન પણ થશે. બે વર્ષ પહેલાં ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ગ્લેશિયર તૂટવાથી આવેલ તબાહી દુનિયાએ જોઈ હતી. આપણે ભવિષ્યમાં આવાં સંકટો માટે તૈયાર રહેવું પડશે.

ઉલ્લેખનીય છે કે હિંદુકુશ પર્વત શૃંખલામાં પીગળતા ગ્લેશિયરો પર અધ્યયન કરનારા ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઇંટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ નામના આંતર-સરકારી સંગઠનમાં ભારત, ચીન, નેપાળ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ભૂટાન અને મ્યાંમારના સદસ્યો સામેલ છે. અધ્યયન ચેતવે છે કે જો ગ્લોબલ વોર્મિંગ બે ડિગ્રી સેલ્સિયસથી નીચે રહે છે તો ક્ષેત્રના ગ્લેશિયર વર્ષ ૨૧૦૦ સુધી ત્રીસથી પચાસ ટકા સુધી પીગળશે. પરંતુ જો તાપમાન બે ડિગ્રીથી વધારે રહેશે તો તેના પીગળવાનો દર ૫૫ થી ૮૦ ટકા સુધી રહી શકે છે. આસન્ન સંકટને ધ્યાનમાં રાખતાં દુનિયાના વિકસિત અને વિકાસશીલ દેશોએ તેને ખતરાની ઘંટડી માનતાં યુધ્ધ સ્તરે પ્રયાસ કરવા પડશે. અન્યથા કરોડો લોકોનું જીવન સંકટમાં આવી પડશે. એનાથી જ્યાં આ દેશોની ખાદ્ય સુરક્ષા છિન્નભિન્ન થઈ જશે, જ્યારે પ્રાકૃતિક આપદા કેટલાય રૂપે પ્રકોપ વરસાવશે. સિંચાઈનાં સંસાધન નષ્ટ થવાથી ખાદ્યાન્ન સંકટ ઘેરૂ બનશે.

ચમોલી ગઢવાલ વિસ્તારમાં વર્ષ ૨૦૨૧માં આવેલ પ્રલયકારી પૂરના મૂળમાં પણ ગ્લેશિયર તૂટવાની ઘટના હતી. કહેવાય છે કે આ વિસ્તારમાં કેટલીય જગ્યો ગ્લેશિયર પીગળવાથી નાના-નાના સરોવરો બની ગયાં છે. તેમાં પાણીનું લેવલ વધી જવાથી આ સરોવરો તૂટી જાય છે, જેનાથી નદીઓમાં પૂર આવી જાય છે. ૨૦૧૩ની કેદારનાથ દુર્ઘટનાના મૂળમાં પણ ગ્લેશિયર તૂટ્યા બાદ આવેલ પૂર કહેવાય છે. વિશેષજ્ઞો જણાવે છે કે ચમોલી જિલ્લાના આ વિસ્તારમાં એક હજાર જેટલા ગ્લેશિયર છે.

# ગુજરાતના ખેડૂતોની સરકારે ચમકાવી કિસ્મત! આ ફળપાકો વાવશે તો અપાશે આટલા રૂપિયા સહાય




ગાંધીનગર તા. ૧૨

દેશના ખેડૂતોની આવક બમણી કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નિર્ધાર કર્યો છે. ગુજરાતના ખેડૂતોની આવકમાં પણ વધારો થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યના ખેડૂતો ખેતીની પરંપરાગત પદ્ધતિ ઉપરાંત વૈજ્ઞાનિક અભિગમ સાથેની આધુનિક પદ્ધતિ અપનાવીને વધુ આવક મેળવી શકે તે માટે તાજેતરમાં જ ગુજરાત સરકાર દ્વારા વધુ એક નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

બાગાયત ખાતા દ્વારા અમલમાં મૂકાયેલી નવી યોજના અંગે માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ફળપાકોના એકમ વિસ્તારમાં મહત્તમ ફળઝાડના વાવેતર થકી ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી શકે છે. રાજ્યના ખેડૂતો ક્રોપ ડાઈવર્સીફીકેશન કરી આંબા અને જામફળ સહિતના ફળપાકમાં ઘનિષ્ઠ ખેતી પદ્ધતિ તેમજ કેળ પાકમાં ટીસ્યુકલ્ચર ટેકનોલોજી અપનાવી પોતાની આવકમાં વધારો કરી કરી શકે છે. રાજ્યના ખેડૂતો બાગાયતી પાકોમાં ફળપાકોનું ગુણવત્તાયુક્ત કલમો અને રોપાથી વાવેતર કરતા થાય તે માટે જ રાજ્ય સરકારે વધુ એક પ્રોત્સાહક યોજના અમલમાં મૂકી છે. આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૪૫૦૦ લાખ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.

મંત્રીએ વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, આ નવી યોજના હેઠળ ખેડૂતોને આંબા પાકના વાવેતરમાં કલમ દીઠ મહત્તમ રૂ. ૧૦૦ અથવા પ્રતિ કલમ ખરેખર થયેલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેને ધ્યાને લઈ મહત્તમ રૂ. ૪૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. આ ઉપરાંત પ્રથમ વર્ષે આંતર પાકમાં અન્ય બાગાયતી પાકના પ્લાન્ટિંગ મટીરીયલના ખર્ચના ૫૦ ટકા લેખે મહત્તમ રૂ. ૧૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં આપવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, જામફળ પાકમાં કલમ કે ટીસ્યુ રોપા દીઠ મહત્તમ રૂ. ૮૦ અથવા પ્રતિ કલમ/ટીસ્યુ રોપા દીઠ ખરેખર થયેલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેને ધ્યાને લઈ મહત્તમ રૂ. ૪૪,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. પ્રથમ વર્ષે આંતર પાકમાં અન્ય બાગાયતી પાકના પ્લાન્ટિંગ મટીરીયલના ખર્ચના ૫૦ ટકા લેખે મહત્તમ રૂ. ૬,૦૦૦ પ્રતિ હેકટર સહાય ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં આપવામાં આવશે. આવી જ રીતે કેળપાકમાં પણ ટીસ્યુકલ્ચર રોપા દીઠ મહત્તમ રૂ.૫ સહાય ધ્યાને લઈ મહત્તમ રૂ. ૧૫,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આ યોજના થકી ગુજરાતમાં આંબા પાકનો વાવેતર વિસ્તાર ૨૫૦૦ હેકટર, જામફળ પાકનો વાવેતર વિસ્તાર ૨૦૦૦ હેકટર તથા કેળ પાકનો વાવેતર વિસ્તાર ૧૫,૦૦૦ હેક્ટર વિસ્તાર મળી રાજ્યમાં બાગાયતી પાકનો વાવેતર વિસ્તાર કુલ ૧૯,૫૦૦ હેકટર જેટલો વધારવાનું રાજ્ય સરકારનું આયોજન છે. આ લક્ષ્યાંકને પહોંચી વળવા બાગાયત ખાતાની નવી યોજના ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સંપૂર્ણપણે પારદર્શિતાના અભિગમ સાથે ફળ પાક ઉત્પાદકતા વધારવા માટેના આ કાર્યક્રમ અંતર્ગત મળવાપાત્ર સહાય ડ્ઢમ્‌ના માધ્યમથી સીધા જ ખેડૂતોના ખાતામાં ચૂકવવામાં આવશે.

રખડતાં ઢોર મુદ્દે

# ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારનો ઉધડો લીધો, 'સરકારને લોકોની દરકાર છે કે નહીં'




અમદાવાદ તા. ૧૨

ગુજરાતમાં રખડતાં ઢોરનો મુદ્દો વિકટ બની રહ્યો છે, રખડતા ઢોરના ત્રાસથી જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. તો બીજી બાજુ તંત્ર આ બાબતને લઈને મૌન સેવી રહ્યું છે. ત્યારે રસ્તા પર ફરતા પશુઓના કારણે વાહનચાલકો, રાહદારીઓ અને નાના બાળકોથી લઈને વૃદ્ધો સતત તેનો ભોગ બની રહ્યાં છે. છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં ક્યાંક ને ક્યાંક કોઈનું આ રખડતા ઢોરના કારણે મૃત્યુ થાય છે. ત્યારે આ મામલે ગુજરાત હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ગુજરાત હાઈકોર્ટે રખડતા પશુની સમસ્યા ઉકેલવા ગંભીરતાથી કામ કરવા સરકારને ટકોર કરી છે.

રખડતાં ઢોર મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી થઈ છે. ગુજરાત હાઈકોર્ટે AMC અને રાજ્ય સરકારનો બરાબરનો ઉધડો લીધો છે. હાઈકોર્ટે જણાવ્યું કે, રખડતા ઢોરના લીધે લોકોના મોત થતા હોવાથી સરકારને તેની દરકાર છે કે નહીં. તાજેતરમાં દેહગામમાં રખડતા ઢોરના લીધે ૮૩ વર્ષીય વિધવા મહિલાની પોતાની ૫૬ વર્ષીય દીકરી મોતને ભેટી હતી. તેમાં નગરપાલિકાના ચીફ ઓફિસરને વળતર ચૂકવવા અરજી કરેલ તે વળતર ના મળતા ગુજરાત હાઈકોર્ટે વળતર ચૂકવવા આદેશ કર્યો છે.

રાજ્ય સરકારે રખડતાં ઢોરના ત્રાસને અટકાવવા નવી ગાઈડલાઈન બનાવવા અંગે બાહેંધરી આપી હતી. એટલું જ નહીં, રાજ્ય સરકાર જે ગાઈડ લાઈન બનાવે તે રાજ્યની તમામ લોકલ બોડીએ પાલન કરવાની રહેશે. કોર્પોરેશનને બનાવેલી પોલીસી સ્ટેન્ડિંગ કમિટીએ પરત મોકલતા હાઈકોર્ટ સ્ટેન્ડિંગ કમિટીનો પણ ઉધડો લીધો હતો.

હાઈકોર્ટના હુકમો બાદ પણ સમસ્યા યથાવત હોવાનું HCએ નોંધ્યું હતું. રસ્તાઓની ક્લોલિટીમાં પણ ઉણપ હોવાની રજુઆત કરાઈ હતી. ઢોરના હુમલાથી થતા મૃત્યુ અંગે હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, નાગરિકોની સુરક્ષા એ રાજયની પ્રથમ જવાબદારી બને છે. ૧૫૬ પાલિકા, ૮ મનપામાં ઢોરને નાથવા જરૂરી હોવાનું નોંધ્યું છે. રોંગ સાઈડ પર ચાલતા વાહનો સામે કાર્યવાહીનો નિર્દેશ આપ્યો છે. હવે ૧૮ જુલાઈના રોજ વધુ સુનાવણી હાથ ધરાશે.

# ગુજરાતના આ મંદિરમાં દર્શન કરવા માટે લેવી પડે છે પરવાનગી, ગમે ત્યારે આવી જાય છે જંગલનો રાજા




ગુજરાતમાં અનોખા મંદિર આવેલા છે, જ્યાં ચૈત્રી નવરાત્રિએ બારેમાસ ભીડ રહેતી હોય છે. આવામાં ગીર જંગલની વચ્ચોવચ આવેલું કનકાઈ માતાનું મંદિર શક્તિની આરાધનાનું કેન્દ્ર છે. આ મંદિર શક્તિપૂજાનું અનોખું સ્થળ છે. જ્યાં ચારેબાજુ હરિયાળી છવાયેલી છે.

આ મંદિર ગુજરાતનું એકમાત્ર એવું મંદિર છે, જ્યાં પરમિશન લઈને જવા મળે છે. જામવાળા ચેકપોષ્ટ, અમરેલીથી આવતા સાપનેસ ચેકપોષ્ટ અને વિસાવદરથી આવતા મેલડીઆઈ ચેકપોષ્ટ પરથી વન વિભાગની પરમીટ મેળવી જંગલનો રસ્તો કાપી આવી શકાય છે. જોકે, આ મંદિરની અન્ય ખાસિયત એ પણ છે કે અહીં બારેમાસ સિંહો આવતા હોય છે, તેથી જો તમને અહી દર્શને આવતા સિંહો દેખાઈ જાય તો નવાઈ નહિ.

કનકાઈ માતાનું મંદિર જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં ગીર જંગલની વચ્ચોવચ આવેલું છે. આ મંદિર જંગલની વચ્ચોવચ આવેલું હોવાથી અહી તમને હિંસક પ્રાણીઓ આરામથી ફરવા જોવા મળી શકે છે. આ મંદિરનો ઈતિહાસ જાજરમાન છે. કહેવાય છે કે, આ આખી નગર સોનાની હતી. ઈસુની આઠમી સદીમાં થયેલા વનરાજ ચાવડાનાં પરિવારમાં કનક ચાવડા નામનો એક રાજા થઈ ગયો. તેણે કનકાઈ (કનકાવટી) નગરીની સ્થાપના કરી હતી. મા કનકાઈને આ નગરીનાં અધિષ્ઠાત્રી દેવી તરીકે સ્થાપ્યા હતાં. અહી એટલુ સોનું હતું કે તેનો ઈતિહાસમા ઉલ્લેખ કરાયેલો છે. કહેવાય છે કે, આ નગરીમાં ક્યારેય દુકાળ નથી પડ્યો.

નવરાત્રિના દિવસોમાં આ મંદિરનું અનેરું મહત્વ હોય છે. કનકાઈ મંદીરનો સૌપ્રથમ જીર્ણોધાર સંવત ૧૮૬૪માં કરવામાં આવ્યો હતો. આ જીર્ણોધાર કોણે કરાવ્યો તેની ખાસ કાંઈ માહિતી નથી. ત્યાર બાદ લગભગ ૧૪૨ વર્ષ જેટલો સમય ચાલ્યો ગયો.

આ મંદિર તુલસીશ્યામથી ૨૨ કિમી દૂર જંગલમાં આવેલું છે. કનકાઈ સાસણથી ૨૪, વિસાવદર ૩૨, જામવાળાથી ૨૭, ઉનાથી ૭૨ અને અમરેલી ૭૫ કિલોમીટર દુર મધ્ય ગીરમાં આવેલુ છે. નજીકનું રેલવે સ્ટેશન સોમનાથ અને એરપોર્ટ દિવનું છે. વરસાદની ઋતુમાં વાહન વ્યવહાર નહિવત થઈ જાય છે. તેમજ આ સ્થળે જવા માટે દિવસ દરમિયાન જવુ પડે છે. કારણકે જંગલ ખાતાની ચેક પોસ્ટથી સાંજનાં ૫ વાગ્યા પછી અવર જવરની મનાઈ હોય છે ગિરનું આ જંગલ એશિયાટિક સિંહોનું રહેઠાણ છે.

# ટાટા બનાવશે iPhone ૧૫, એપલ સાથે ડીલ ફાઈનલ! ભારતીયોને મળશે આ ફાયદા



નવી દિલ્હી તા. ૧૨

ટાટા ગ્રુપની એપલની સાથે ભાગીદારી થવા જઈ રહી છે. રિપોર્ટ પ્રમાણે ટાટા ગ્રુપની આ ડીલ ફાઈનલ થવાની છે. બ્લૂમબર્ગના રિપોર્ટ પ્રમાણે ડીલને ઓગસ્ટ ૨૦૨૩ સુધી મંજૂરી મળી શકે છે. જો આ ડીલ થઈ જાય છે તો એપલ પ્રથમ એવી કંપની હશે, જેને આઈફોન બનાવવાની ડીલ મળી રહી છે.

ટાટા સમૂહને વિસ્ટ્રોન ફેક્ટરીના અધિગ્રહણની લીડને મંજૂરી મળી શકે છે, જે કર્ણાટકના સાઉથઈસ્ટમાં હાજર છે. તેની વેલ્યૂએશન આશરે ૬૦૦ મિલિયન ડોલરની છે. નોંધનીય છે કે આ ડીલને લઈને આશરે એક વર્ષથી વાતચીત ચાલી રહી છે. આ ફેક્ટરીને આઈફોન ૧૪ મોડલના મેન્યુફેક્ચરિંગ માટે ઓળખવામાં આવે છે. આ ફેક્ટરીમાં આશરે ૧૦ હજારથી વધુ લોકો કામ કરે છે. રિપોર્ટ પ્રમાણે માર્ચ ૨૦૨૪ સુધી વિસ્ટ્રોન આ ફેક્ટરીથી આશરે ૧.૮ બિલિયન ડોલરના એપલ ફોન બનાવશે. ટાટા આ ફેક્ટરીમાં iPhone ૧૫નું નિર્માણ કરશે.

ટાટાએ વાયદો કર્યો છે કે જો ડીલ ફાઈનલ થઈ જાય તો તે આગામી વર્ષ સુધી ફેક્ટરીમાં વર્કફોસને ત્રણ ગણો કરશે. તેવામાં મોટા પાયે રોજગારીની તક ઉભી થશે. સાથે ભારતથી સ્માર્ટફોનની નિકાસમાં પણ તેજી આવશે. તો આઈફોનના નિર્માણમાં ખર્ચ ઓછો આવશે. તેવામાં આવનારા દિવસોમાં આઈફોનની કિંમતમાં ઘટાડો થઈ શકે છે. રિપોર્ટનું માનીએ તો વિસ્ટ્રોનને નુકસાન થઈ રહ્યું છે. કારણ કે એપલની ટર્મ અને કંડીશન હેઠળ કંપનીએ નુકસાન ઉઠાવવું પડી રહ્યું છે. હકીકતમાં વિસ્ટ્રોનનું કહેવું છે કે એપલ તરફથી ફોક્સકોન અને પેગાટ્રોનના મુકાબલે વધુ માર્જિલ લેવામાં આવી રહ્યું છે. તો ચીનના મુકાબલે ભારતમાં અલગ પડકાર છે, જેનાથી ભારતમાં કર્મચારીઓ સાથે કામ કરવું મુશ્કેલ થઈ રહ્યું છે. તેવામાં વિસ્ટ્રોન પોતાની કંપની વેચવા જઈ રહી છે.

# ભારતનું આ રાજ્ય છે સૌથી ધનવાન, દેશના આર્થિક વિકાસમાં આપે છે મહત્વનું યોગદાન




નવી દિલ્હી તા.૧૨

ભારત વિવિધતાઓથી ભરેલો દેશ છે. જ્યાં કેટલાક રાજ્યો ધનવાન તો કોઈ ગરીબ છે. તમને વિવિધ રાજ્યો પોતાના સમૃદ્ધ અને ગૌરવશાળી ઈતિહાસની સાથે મળી જશે. તો કોઈ રાજ્યો એવા પણ છે જે તેની ગરીબી માટે જાણીતા છે. દેશના આર્થિક વિકાસમાં આ રાજ્યોની મહત્વપૂર્ણ ભાગીદારી છે, જેઓ કૃષિ અને ઉદ્યોગને સાથે લઈને વિકાસની ધરી પર પોતાની ગતિ પકડી રહ્યા છે. જો કે, શું તમે ભારતના સૌથી અમીર રાજ્ય વિશે જાણો છો. નહીં.... તો ચાલો તમને જણાવીએ.

ભારતમાં કોઈપણ રાજ્યને અમીરના સ્કેલ પર માપવા માટે અલગ-અલગ માપદંડોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે GSDP, પ્રતિ વ્યક્તિ આવક, હ્યુમન ડેવલોપમેન્ટ ઈન્ડેક્સ, ગરીબી સ્તર, રોજગાર અને બેરોજગારી સ્તર વગેરે.... GSDPનો અર્થ Gross State Domestic Product થાય છે. આ હેઠળ રાજ્યમાં એક ચોક્કસ સમયની અંદર અપાતી સેવાઓ તથા ઉત્પાદકોની ગણતરી કરવામાં આવે છે, જે દરેક રાજ્યના આર્થિક રૂપથી આગળ વધવા માટે જવાબદાર છે. ભારતના સૌથી અમીર રાજ્યોની યાદીમાં મહારાષ્ટ્ર ટોપ પર છે. ૪૦૦ બિલિયન અમેરિકી ડોલર GSDP ની સાથે મહારાષ્ટ્ર દેશનું સૌથી ધનીક રાજ્ય છે. રાજ્યની રાજધાની મુંબઈને દેશની આર્થિક રાજધાની પણ કહેવામાં આવે છે. આ દેશની ત્રીજી સૌથી વધુ શહેરી વસ્તીવાળું રાજ્ય છે, જ્યાં ૪૫ ટકા વસ્તી શહેરોમાં રહે છે. ફિલ્મી સિતારોઓથી લઈને દેશના મોટા ભાગના ધનવાન લોકો અહીં રહે છે.

દેશના સૌથી મોટા મેટ્રો શહેરોમાં સામેલ મુંબઈ નાણા અને વ્યાપારિક સેવાઓ માટે જાણીતું છે. અહીં સ્થાપિત ફિલ્મ ઉદ્યોગથી લઈને અન્ય ઉદ્યોગ ભારનતા આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન આપે છે. આ સાથે રાજ્ય કૃષિ ઉદ્યોગ માટે પણ જાણીતું છે. આ રાજ્ય કપાસ, સોયાબીન અને શેરડીનું સૌથી ઉત્પાદન કરતું રાજ્ય છે. તો આપણે ગરીબ રાજ્યોની વાત કરીએ તો છત્તીસગઢ દેશનું સૌથી ગરીબ રાજ્ય છે. અહીં ગરીબી દર ૩૭ ટકા છે. આ રાજ્યના મોટા ભાગના લોકો ગરીબ છે. બીજા નંબર પર ઝારખંડ છે, અહીં ગરીબી દર ૩૬.૯૬ ટકા છે. ત્યારબાદ મણિપુર, અરૂણાચલ પ્રદેશ અને બિહાર છે. આમ તો બિહારે છેલ્લા કેટલાક વર્ષોમાં ખુબ પ્રગતિ કરે છે પરંતુ આ રાજ્ય ગરીબીની ગણતરીમાં પાંચમાં સ્થાને છે.

# મેઘાની તીવ્રતા ઘટવાની આગાહી કચ્છમાં સૌથી વધુ ૧૧૨.૦૭ ટકા વરસાદ નોંધાયો

અમદાવાદ, તા.૧૨

આ વર્ષે ગુજરાતમાં ચોમાસું સારૂં જઈ રહ્યું છે. પ્રથમ રાઉન્ડ બાદ બીજા રાઉન્ડમાં પણ ન વરસાદની જમાવટ જોવા મળી રહી છે. ત્યારે અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં સરેરાશ ૪૪ ટકા જેટલો વરસાદ વરસી ચૂકયો છે. સૌથી વધુ વરસાદ રણપ્રદેશ કચ્છમાં નોંધાયો છે. કચ્છમાં ૧૧૨.૦૭ટકા વરસાદ પડયો છે. રવિવારના રોજ ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યોહતો. ત્યારે કચ્છમાં આ સિઝનનો ૧૯.૦૫ ઈંચ વરસાદ પડ્યો છે. જે આ સિઝનનો ૧૧૨.૦૭ ટકા છે. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ડેટા મુજબ, માત્ર જૂન મહિનામાં જ કચ્છમાં ૧૪.૦૧ ઈંચ અથવા સિઝનનો કુલ ૭૭ ટકા વરસાદ નોંધાયો હતો અને રેકોર્ડ સમયમાં ૧૦૦ ટકા સુધી પહોંચી ગયો હતો. પાછલા દાયકામાં ફક્ત દ્વારકામાં ૧૫૧ ટકા, પોરબંદરમાં ૧૦૦ ટકા જુલાઈ ૨૦૨૦ના પહેલા ભાગમાં સમગ્ર સિઝનનો વરસાદ પડ્યો હતો. કચ્છ માટે સૌથી પહેલો શ્રેષ્ઠ વરસાદ ગયા વર્ષે ૧૫ જુલાઈ સુધી ૯૮ ટકા હતો. સમગ્ર ગુજરાતમાં રવિવારે વરસાદે ૪૦ ટકાનો આંકડો પાર કર્યો હતો. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં પણ રવિવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો. જે બાદ અહીં જોરદાર વરસાદ પડ્યો હતો. સવારની શરૂઆત અને બપોરની આસપાસર હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. ભારતીય હવામાન વિભાગની આગાહીમાં અમદાવાદ જિલ્લામાં અલગ અલગક્ષેત્રોમાં ભારે વરસાદ પડી શકે છે. આગામી સમયમાં વરસાદની તીવ્રતામાં ઘટાડો થવાની સંભાવના ભારતીય હવામાન વિભાગે વ્યક્ત કરી હતી. રાજ્યમાં વરસાદનો બીજો રાઉન્ડ બરાબર જામ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં મેહુલિયો જાણે મનમૂકીને વરસી રહ્યો છે. આ સાથે હવામાન વિભાગ તરફથી આગામી ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજયના તમામ જિલ્લામાં વરસાદની આગાહી છે. પરંતુ આણંદ અને ભરૂચમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, ખેડા, દાહોદમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, રાજકોટ, જામનગર, દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગરના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમ્યાન રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૫ કરતા વધુ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ૧૩ તાલુકામાં દોઢ ઈંચથી વધુ અને ૩૦ તાલુકામાં એક ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે.

# ધોરણ-૧થી ૪ના તમામ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક મૂલ્યાંકન કરાશે

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં આવેલી તમામ પ્રાથમિક સ્કૂલોમાં અભ્યાસ કરતા ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક મૂલ્યાંકન કરવામાં આવશે. સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે આ શૈક્ષણિક સર્વેનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જીસીઈઆરટી દ્વારા પ્રશ્નપત્ર તૈયાર કરાશે અને તેના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે. સ્કૂલોએ ૧૫ જુલાઈથી ૨૫ જુલાઈ દરમ્યાન આ શૈક્ષણિક મૂલ્યાંકન કરવાનું રહેશેઅને ત્યારબાદ મુલ્યાંકનના પરિણામની ડેટા એન્ટ્રી કરવાની રહેશે. શિક્ષણ વિભાગ દ્વારા ચાલુ વર્ષે શૈક્ષણિક સર્વે હાથ ધરવાનું નક્કી કર્યુ છે. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના મુલ્યાંકનની કામગીરી કરવામાં આવશે. આ સર્વે જૂલાઈમાં હાથ ધરવાનું આયોજન કરાયું છે. રાજયમા તમામ આઠ માધ્યમની સ્કૂલો અને તમામ પ્રકારની એટલે કે સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી એમ તમામ સ્કૂલોમાં સર્વે હાથ ધરવામાં આવશે. આ સર્વેક્ષણ ધોરણ-૧થી ૪માં હાથ ધરવાનું રહેશે. ધોરણ-૧માં દાખલ થનારા બાળકો માટે બાલવાટિકાની અધ્યયન નિષ્પત્તિઓ, ધોરણ-૨માં ધોરણ-૧ની અધ્યયન નિષ્પત્તિઓ, ધોરણ-૩માં ધોરણ૨ની અધ્યયન નિષ્પત્તિઓ અને ધોરણ-૪માં ધોરણ-૩ની અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલા મૂલ્યાંકન પ્રશ્નપત્રનો ઉપયોગ કરવાનો રહેશે. ધોરણ૧થી ૪ના તમામ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની માહિતીની ડેટા એન્ટ્રી વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા તૈયાર કરેલી એપ્લિકેશન મારફતે કરાવવાની રહેશે. ડાયટ વ્યાખ્યાતા પોતાના તાલુકામાં ૧૨થી ૧૩ જુલાઈ દરમ્યાન બેઝલાઈન સર્વે તેમજ તેની પ્રક્રિયાથી માહિતગાર કરશે. ૧૪ જુલાઈના રોજ જિલ્લા કક્ષાએથી પ્રશ્નપત્ર શાળાઓને સોફ્ટ કોપીમાં મોકલવામાં આવશે. જે વર્ગમાં ૫ બાળકો હોય તેના વિષય શિક્ષકે એક દિવસમાં આ સર્વે પૂર્ણ કરી બીજા દિવસે તેની એન્ટ્રી કરવાની રહેશે. જે વર્ગમાં ૧૦ બાળકો હોય તેમણે બે દિવસમાં, ૧૫ બાળકો હોય તેમણે ત્રણ દિવસમાં અને ૧૫ કરતા વધુ બાળકો હોય ત્યાં રોજના ૫ બાળકોની ડેટા એન્ટ્રી મુજબ ૧૦ દિવસમાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે. ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓનો સર્વે ૧૫ જુલાઈથી ૨૫ જુલાઈ દરમ્યાન પૂર્ણ કરવાનો રહેશે. ઉપરાંત આ સર્વેની ડેટા એન્ટ્રીની કામગીરી ૩૦ જુલાઈ સુધીમાં પુર્ણ કરવા માટે સૂચના કઅપાઈ છે.

# શું PM મોદી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તમિલનાડુના રામનાથપુરમથી ચૂંટણી લડશે...

હૈદરાબાદ, તા.૧૨

જોભાજપનુંકેન્દ્રીય નેતૃત્વઆ અંગેનિર્ણયલે તોવડાપ્રધાનનરેન્દ્ર મોદી આગામી ચૂંટણીમાં તમિલનાડુના રામનાથપુરમ લોકસભા મતવિસ્તારમાંથી ચૂંટણી લડે તેવી શક્યતા છે. તાજેતરમાં નામપલ્લીમાં પાર્ટી કાર્યાલય ખાતે યોજાયેલી ૧૧ રાજ્યોના ભાજપ પ્રમુખો અને રાષ્ટ્રીય મહાસચિવોની પ્રાદેશિક સલાહકાર બેઠક દરમ્યાન પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડાએ પ્રતિનિધિઓને જણાવ્યું કે, દક્ષિણમાં પોતાને મજબૂત રીતે સ્થાપિત કરવા માટે, પાર્ટીએ દક્ષિણ ભારતના એકરાજ્યમાંથી મોદીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો. જ્યારે તેમણે પ્રતિનિધિઓનો અભિપ્રાય માંગ્યો ત્યારે જાણવા મળ્યું કે તેમાંથી મોટાભાગના લોકોએ નરેન્દ્ર મોદીને રામનાથપુરમથી ચૂંટણી લડવાનું સૂચન કર્યું હતું. હાલમાં, ઈન્ડિયન મુસ્લિમ લીગના કે.નવસકાની આ મતવિસ્તારમાંથી સાંસદ છે. પક્ષના નેતાઓનું સૂચનમહત્ત્વપૂર્ણ અનેપડકારજનક પણ છે, કારણ કે મોદી હાલમાં હિંદુ પ્રભુત્વ ધરાવતા વારાણસીનું પ્રતિનિધિત્વ કરે છે અને જો તેઓ રામનાથપુરમમાંથી નવસકાની હરાવી શકે છે, જેમાં નોંધપાત્ર મુસ્લિમ મત છે, તો તે સમગ્ર દક્ષિણના રાજ્યોને સંદેશો આપશે, જોહિન્દુઓ ભાજપનાસમર્થનમાં વોટબેંક તરીકે સંગઠિત થાય તો કંઈ પણ શક્ય છે. નડ્ડાએ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીઓ માટે પણ ઊંચો દર નક્કી કર્યો છે, કારણ કે તેમણે પ્રતિનિધિઓને જાણ કરી હતી કે ભાજપે દક્ષિણ ભારતીય રાજ્યોમાંથી ૫૦ બેઠકો મેળવવી જોઈએ. આ ધ્યેયને સત્તા વિરોધી પરિબળનેકારણે ઉત્તરના કેટલાક રાજયોમાં પાર્ટીની હારની સંભાવનાને સંતુલિત કરવાની વ્યૂહરચના તરીકે જોવામાં આવી રહી છે. બેઠક દરમિયાન વારંગલમાં મોદીની જાહેર સભાની સફળતાની પ્રશંસા કરવામાં આવી હતી અને નડ્ડાએ એમ પણ કહ્યું હતું કે, રાજ્યમાં આવનારી વિધાનસભાની ચૂંટણી પહેલા વડાપ્રધાન તેલંગાણામાં ઓછામાંઓછી બે વધુસભાઓને સંબોધશે. ભાજપના ધારાસભ્ય અને પક્ષની ચૂંટણી વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ એટાલા રાજેન્દ્ર નડ્ડાને મળવા માટે મીટિંગહોલમાં થોડા સમય માટે પ્રવેશ્યા, જેમણે તેમને કોંગ્રેસમાં જોડાવાની યોજના બનાવી રહેલા નેતાઓને ભાજપ સાથે રહેવા માટે સમજાવવા કહ્યું હતું. નડ્ડાએ ભાજપના નેતાઓને પોતપોતાના રાજયોમાં જૂથવાદનો અંત લાવવા અને ભાજપનેફરીથી સત્તામાંલાવવા માટે એકજૂથ થઈને કામ કરવા હાકલ કરી હતી. એવુંમાનવામાં આવે છે કે રાજગોપાલ ચૂંટણી લડવા માટે શહેરી વિસ્તારોમાં જવા માટે ઉત્સુક છે અને તેમણે એલબી નગર વિધાનસભા મતવિસ્તાર અથવા મલકાજગીરી લોકસભા ક્ષેત્રમાંથી ચૂંટણી લડવાનું પસંદ કર્યું છે. રવિવારની ઉચ્ચ-સ્તરીય બેઠક ચાર સત્રોમાં યોજાઈ હતી, જેમાંથી ભાજપના મહાજન સંપર્ક અભિયાનની પ્રગતિને પક્ષના નેતૃત્વ દ્વારા લેવામાં આવી હતી. જેમાં પ્રેસ કોન્ફરન્સ, સોશિયલ મીડિયા પ્રભાવકોની બેઠકો, વેપારી સંમેલનો, વિકાસ તીર્થયાત્રાઓ, બૌદ્ધિકોની બેઠકો, ઈમરજન્સી ડોક્યુમેન્ટરી શો, જાહેર સભાઓ, લાભાર્થીઓની બેઠકો, સામાજિક કાર્યકરોની બેઠકો, ઘર ઘર સંપર્ક અભિયાનની માહિતી, મોદીની મન કી બાત અને અન્ય કાર્યક્રમોનો સમાવેશ થાય છે, જે અભિયાનના ભાગ રૂપે આયોજિત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં લગભગ ૩૪ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા,

# બાવન વર્ષથી નથી તૂટ્યો ગાવસ્કરનો રેકોર્ડ કેરેબિયન બોલરોના હોશ ઉડાવ્યા હતા

## ગાવસ્કર ત્રણવાર ઈન્ટરનેશનલ ટેસ્ટ મેચની બન્ને ઈનિંગોમાં સદી બનાવવાની અદ્દ્ભૂત સિદ્ધિ મેળવનાર એકમાત્ર ભારતીય છે



નવી દિલ્હી, તા.૧૨

પૂર્વ દિગ્ગજ ભારતીય ક્રિકેટર સુનિલ ગાવસ્કર માટે ૧૦ જુલાઈનો દિવસ ખૂબ જ ખાસ છે. આજ દિવસે તેમનો ૧૯૪૯ના રોજ મહારાષ્ટ્રના મુંબઈમાં જન્મ થયો હતો. ગાવસ્કર હવે ૭૪ વર્ષના થઈ ગયા છે. ગાવસ્કરે પોતાની ક્રિકેટ કારકિર્દીમાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે જે તેમની મહાનતા દર્શાવે છે. સંન્યાસ લીધા બાદ પણ તેઓ ક્રિકેટથી દૂર થયા નથી. હાલમાં કોમેન્ટેટર અનો નિષ્ણાતના રૂપમાં ભૂમિકા અદા કરે છે. ગાવસ્કરે જ્યારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પગ મૂકયો હતો ત્યારે તેમણે બોલરોના હોશ ઉડાવતા એક એવો રેકોર્ડ બનાવ્યો હતો જે આજે પણ અતૂટ છે. ટેસ્ટ ડેબ્યુ સિરીઝમાં સૌથી વધારે રન બનાવવાનો આ રેકોર્ડ છે. લિટલ માસ્ટરના નામથી જાણીતા ગાવસ્કરે વર્ષ ૧૯૭૧માં વિન્ડીઝ વિરૂદ્ધ પોર્ટ ઓફ સ્પેનામાં ટેસ્ટમાં પદાર્પણ કર્યું હતું. પોતાની ડેબ્યુ સિરીઝમાં જ સૌથી વધારે રન બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો તેમણે ત્યારે વિન્ડીઝ વિરૂદ્ધ ૭૭૪ રન બનાવ્યા હતા. જેમાં ચાર સદી સામેલ હતી પર વર્ષ બાદ પણ ડેબ્યુ સિરીઝમાં સૌથી વધારે રન બનાવવાનો રેકોર્ડ તેમના જ નામે છે. ગાવસ્કરે વેસ્ટ ઈન્ડિઝ સામે ખૂબ રન બનાવ્યા છે તે આ ટીમ વિરૂદ્ધ સૌથી વધારે ૨૭૪૯ રન અનો ૧૩ સદી ફટકારનાર બેટ્સમેન છે. આ ઉપરાંત ગાવસ્કર ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૧૦ હજાર રન પૂરા કરનાર પ્રથમ ક્રિકેટર પણ છે સાથે જ તેમણે ત્રણવાર ઈન્ટરનેશનલ ટેસ્ટ મેચની બન્ને ઈનિંગોમાં સદી બનાવવાની અદ્દ્ભૂત સિદ્ધિ મેળવી છે. તે આ સિદ્ધિ મેળવનાર એકમાત્ર ભારતીય છે. જ્યારે સૌથી ઝડપી પાંચ હજાર રન પૂરા કરવાના મામલામાં વિશ્વના ત્રીજા બેટ્સમેન પણ છે.

# ભારતમાં વાર્ષિક પગાર મામલે ટોચના દસ શહેરોની યાદી જાહેર : ગુજરાતનું એક પણ સિટી નહીં

અમદાવાદ તા.૧૨

એવરેજ સેલેરી સર્વે દ્વારા એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેના પ્રમાણે જ વિશ્વના વિવિધ વિભાગોના વાર્ષિક સરેરાશ વેતન નક્કી કરે છે. આ સર્વે સમગ્ર ભારતમાં હાથ ધરવામાં આવ્યો હતો, જ્યાં ૧૧,૫૭૦ સમર્થકોએ તેમના પગાર અહેવાલો સબમિટ કર્યા હતા. ભારતમાં સરેરાશ પગાર રૂા.૧૮.૯ લાખ હોવાનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. આશ્ચર્યજનક દેખાવમાં, મહારાષ્ટ્રનું સોલાપુર શહેરમાં સરેરાશ રૂા.૨૮.૧ લાખના પગાર સાથે આ યાદીમાં ટોચ પર છે. જો કે, એવું જણાયું હતું કે, માત્ર બે લોકોએ જ સર્વેક્ષણમાં ફાળો આપ્યો હતો, જેણે સોલાપુરને ટોચનું સ્થાન આપ્યું હતું. ભારતના મેટ્રો શહેરો, મુંબઈ (રૂા.૨૧.૨ લાખ) અને બેંગલુરુ (રૂા.૨૧ લાખ), આ યાદીમાં અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. આ યાદીમાં ટોપ ૧૦માંથી ગુજરાતના શહેરો ગેરહાજર હતા. એક વડોદરા છે જેણે રૂા.૧૭.૩ લાખના વાર્ષિક સરેરાશ પગાર સાથે ૧૬મું સ્થાન મેળવ્યું છે.

# વાહનોનો વપરાશ વધી રહ્યો છે. ત્યારે શું ઓટોમોબાઈલ એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ કરવો જોઈએ ? ઈ-વ્હીકલ્સ વિશે અભ્યાસ થાય છે ?

**ઇલેક્ટ્રીક વ્હીકલ્સ મેન્યુફેક્ચરીંગ, રિપેર, ડિઝાઇન, એસેસરીઝ ડિઝાઇન, પાર્ટસ મેન્યુફેક્ચરીગ ક્ષેત્રમાં નિષ્ણાતોની જરૂરિયાત રહેવાની જ છે. આથી અત્યારથી જ દેશની ઘણી ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓએ ઇ-વાહનોને લગતા ડિગ્રી કોર્ષ શરૂ કરી દીધા છે. જો તમને રસ, આવડત અને ધગશ હોય તો ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી ક્ષેત્રમાં કરિયર બનાવવામાં આવે તો કાંઇ જ ખોટું નથી. એકવાર અભ્યાસ કરીને આ ક્ષેત્રમાં પારંગત થવાનું રહે છે. ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલરથી લઇને હેવી વાહનો બનાવવાના ઉદ્યોગમાં ઝંપલાવશો તો દરિયા જેટલું મોટું કાર્યક્ષેત્ર છે. આથી આવું જ સેક્ટર છે કે ઓટોમોબાઇલ સેક્ટર કે જેમાં રોજ જાત-જાતની ડિઝાઇન અને ટેક્નોલોજીના વાહનો બજારમાં આવતા જ જાય છે. તેની માગ ક્યારેય બંધ થતી નથી. તેજી-મંદી સાથે તેમાં ઉતાર-ચડાવ આવતા રહે છે પરંતુ બજાર હંમેશા ધમધમતું જ રહે છે. આથી જેમાં તમે ઓટોમોબાઇલ ડિઝાઇન, ટેકનોલોજી, માર્કેટીંગ, સ્પેરપાર્ટસ પ્રોડક્શન, રિપેરીંગ સહિતની અનેક કરિયરમાં તમારૂં નસીબ ઝળકાવી શકો છો. આ ક્ષેત્રમાં તમે નોકરી અને ધંધો બન્ને કરી શકો.**

કેમ છો મિત્રો, આજે આપણે એક એવી કરિયરની વાત કરવી છે કે તમે નોકરી કરશો તો પણ મજા આવશે જ્યારે ધંધો કરશો તો પણ બખ્ખા જ છે. આ એક એવી કરિયર છે કે જેમાં તમે ચારથી પાંચ વર્ષનો અનુભવ લઈને તમારો ખુદનો ધંધો શરૂ કરી શકો છો. આજે આપણે એક એવી કરિયરની વાત કરીશું કે તે આ બન્ને બાબતોમાં ફીટ છે પરંતુ જો તમે તેમાં એક આવડત તેમજ રસ કેળવો તો સોને પે સુહાગા થઈ જાય તેમ છે. તો ચાલો આજે આપણે વાત કરીએ ઓટોમોબાઈલ એન્જિનિયરીંગની કરિયર વિશેની. આ કરિયરની વાત એટલા માટે કરવી છે કે, આજકાલ દરેકઘરમાં વ્યક્તિ એટલા વાહનો થઈ ગયા છે અને લોકો વાહનો પાછળ ખૂબ ખર્ચો કરે છે. વળી આ ક્ષેત્રમાં માત્ર એક વાહન કરતા તેની આસપાસની એસેસરી, વોશીંગ, સ્પા અને બીજા આનુશંગીક ધંધાઓ સંકળાયેલા છે. તો ચાલો આ કરિયર વિશે વાતો કરીએ.

**● ઓટોમોબાઇલ એન્જિનિયરીંગની કરિયર છે એવરગ્રીન ?**

જો તમને રસ, આવડત અને ધગશ હોય તો ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી ક્ષેત્રમાં કરિયર બનાવવામાં આવે તો કાંઈ જ ખોટું નથી. એકવાર અભ્યાસ કરીને આ ક્ષેત્રમાં પારંગત થવાનું રહે છે. ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલરથી લઈને હેવી વાહનો બનાવવાના ઉદ્યોગમાં ઝંપલાવશો તો દરિયા જેટલું મોટું કાર્યક્ષેત્ર છે. આથી આવું જ સેક્ટર છે કે ઓટોમોબાઈલ સેક્ટર કે જેમાં રોજ જાત-જાતની ડિઝાઈન અને ટેકનોલોજીના વાહનો બજારમાં આવતા જ જાય છે. તેની માગ ક્યારેય બંધ થતી નથી. તેજી- મંદી સાથે તેમાં ઉતાર ચડાવ આવતા રહે છે પરંતુ બજાર હંમેશા ધમધમતું જ રહે છે. આથી જેમાં તમે ઓટોમોબાઈલ ડિઝાઈન, ટેકનોલોજી, માર્કેટીંગ, સ્પેરપાર્ટસ પ્રોડકશન, રિપેરીંગ સહિતની અનેક કરિયરમાં તમારૂ નસીબ ઝળકાવી શકો છો. આ ક્ષેત્રમાં તમે નોકરી અને ધંધો બન્ને કરી શકો છો અને તમારા સપના પુરા કરીને ખૂબ કમાણી કરી શકો છો. તમામ પ્રતિષ્ઠિત કોલેજોની પોતાની પ્રવેશ પ્રક્રિયા હોય છે જ્યારે અમુક સંસ્થાઓમાં મેરિટના આધારે પ્રવેશ મળે છે. તો આ કરિયરના મહત્વ વિશે વાત કરીએ તો નાનું બાળક સહેજ સમજણું થાય ત્યારથી જ મોટરકાર અને બાઈક્સની જ વાતો કરતું થઈ જાય છે. કઈ કારનું કયું મોડલ છે અને કઈ કંપનીની છે, તેની ખાસિયત વિશે પોપટની જેમ બોલે છે. એ જ બાળક કિશોર વયનું થાય એટલે તેઓને જાતજાતના બાઈકસ લેવાનું આકર્ષણ જાગે છે અને જેમ કમાતું થાય એટલે પોતાનો વટ્ટ પડે અને શોભે તેવી કાર ઘરમાં આવી જાય તેવું સ્વપ્ન ધરાવતા હોય છે. એટલે ટૂંકમાં કહેવાનું એમ છે કે અમુક બાબતો એવી હોય છે કે જેની મહાત્વાકાંક્ષા નાનપણથી જ થવા લાગે છે અને તે એક સમાજનો ટ્રેન્ડ બની જાય છે જ્યારે કોઈ વસ્તુ કાયમી ટ્રેન્ડમાં હોય તેની માગ ક્યારે ઘટતી નથી અને કંપનીઓ તેમાં ઝંપલાવે છે.

**● ઓટોમોબાઇલ એન્જિનિયરીંગ કોને કરવું જોઇએ ?**

આ ક્ષેત્ર એવું છે કે લોકોને તેમા હંમેશા કંઈક અવનવું તેમજ આધુનિક જોઈએ છે. આથી તેમાં હંમેશા સંસાધન કરતા રહેવું પડે છે. દાખલા તરીકે તમને ખબર જ હશે કે કોઈપણ કાર ઉત્પાદક કંપની એક મોડલ લોંચ કરે તેના બે ત્રણ વર્ષ પછી તેનું અપડેટેડ અને વધુ આધુનિક ટેકનોલોજીવાળું મોડલ લોન્ચ કરે છે. લોકો જૂની કાર કાઢીને નવી ખરીદે છે. આથી જો તમને હંમેશા રીસચ અને કંઈક નવું કરવાની ઈચ્છા હોવી જરૂરી છે. જો તમે તેના માટે તૈયાર હોવ તો આ ક્ષેત્ર તમને બન્ને હાથે આવકારે છે. ઈજનેરી ક્ષેત્રની વાત કરીએ તો ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ સૌથી આધુનિક અભ્યાસક્રમો પૈકી એક છે. તેમાં ઉત્પાદન, ઓપરેશન, ડિઝાઈન, રિપેરીંગ, રીકન્સ્ટ્રક્શન, મોડીફીકેશન, અપડેટ જેવી બાબતો આવે છે અને તેમા માર્ગ પરિવહનના તમામ પ્રકારના વાહનોનો સમાવેશ થાય છે. આ ઈજનેરી કોર્ષમાં એરોડાયનેમીક્સ, એમીસન્સ, ચેસીસ, એરોગ્નોમીક્સ, વ્હીકલ, મેન્યુફેકચરીંગ, રેપીડ પ્રોટોટાઈપીંગ, પેડેસ્ટ્રેયન સેફટી, સપ્લાય ચેઈન મેનેમેજન્ટ સહિતના વિષયોનો સમાવેશ થાય છે.

**● અભ્યાસ કરવા માટે શું કરવું જોઇએ ?**

બેચલર ઓફ એન્જિનિયરીંગ એટલે કે બી.ઈ અને બેચલર



ઓફ ટેકનોલોજી એટલે કે બી.ટેકના ચાર વર્ષના અભ્યાસક્રમમાં ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ શીખી શકાય છે. ધોરણ-૧૨ સાયન્સ ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને મેથ્સ મુખ્ય વિષય સાથે કરેલું હોય તો તમે ઓટોમોબાઈલ એન્જિનિયરીંગની કોર્ષ કરી શકો છો. ધોરણ-૧૨માં ઓછામાં ઓછા પચાસ કે સાંઈઠ ટકા ગુણ લાવો તો તમને ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે લાયક માનવામાં આવે છે. ઘણી પ્રતિષ્ઠિત કોલેજોમાં ઓછામાં ઓછો સાંઈઠ ટકા સ્કોર હોવો જરૂરી હોય છે. આ ઉપરાંત ધોરણ-૧૦ પછી ઓટોમોબાઈલ એન્જિનિયરીંગનો ડિપ્લોમાં કોર્ષ પણ થાય છે તેના મારફતે ડિપ્લોમા ટુ ડિગ્રી એટલે કે ડી ટુ ડી ધોરણે પ્રવેશ મળે છે. બીએસસી કર્યા પછી પણ લેટરલ એન્ટ્રીના આધારે પ્રવેશ મળી શકે છે, દરેક રાજ્યની સ્થાનિક યુનિવર્સીટીઓમાં તો કોર્ષ થાય છે પરંતુ મારી સલાહ છે કે દરેકવિદ્યાર્થીઓએ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને બીરલા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સમાં પ્રવેશ માટેનો ધ્યેય રાખવો જોઈએ. કારણ કે જો આ સંસ્થામાં પ્રવેશ મળી ગયો તો તમારી કરિયરને ચાર ચાંદ લાગી જશે અને જોબ માર્કેટમાં અહિં તૈયાર થયેલા વિદ્યાર્થીઓને લેવા માટે પડાપડી હોય છે અને ઉત્તમ પગારની નોકરી મળે છે. મેં આગળ કીધું કે જો તમને મશીનો પ્રત્યે પ્રેમ હોય તો તમે આ ક્ષેત્રમાં ખૂબ આગળ વધી શકો છો. તમે ક્રિએટીવ અને ઈનોવેટીવ માઈન્ડ ધરાવતા હોવ તો પણ આ કોર્ષ ઉત્તમ છે. બી. ટેક કર્યા પછી માસ્ટર ડિગ્રી કોર્ષ કરી શકાય છે કે જેમાં એમ.ટેક ઈન ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ, એમ.ટેક ઈન મેન્યુફેક્ચરીંગ ટેકનોલોજી, એમ. ટેક ઈન ઓટોમેટીવ એન્જિનિયરીંગ અને ઈ મેન્યુફેક્ચરીંગ જેવા કોર્ષીષ થાય છે. હવે તો ઈલેક્ટ્રોનિક્સ કાર અને ટુ વ્હીલર્સ આવી ગયા છે. તો પછી તે વિશેના એડવાન્સ કોર્ષીષ વિષે પણ જાણકારી જમેળવીને તેમાં આગળ વધવું જોઈએ આવા માસ્ટર ડિગ્રી કોર્ષ કર્યા બાદ પીએચડી પણ કરી શકાય છે. તેના કારણે સંશોધન અને શિક્ષણ ક્ષેત્રે માત્ર ભારતમાં જ નહી પરંતુ વિદેશમાં પણ કરીયર બની શકે છે.

**● હવે તો ઇલેક્ટ્રીક વ્હીકલ એન્જિનિયરીંગનો કોર્ષ પણ શરૂ થયા**

મિત્રો આજકાલ ઈલેક્ટ્રીક વ્હીકલ્સની બોલબાલા છે અને તેનું ખાસ્સું આકર્ષણ છે. દરેકને પેટ્રોલ, ડીઝલ કે સીએનજીથી પણ સસ્તા પડતા ઈવાહનો વસાવવા છે અને ફેરવવા છે. તેનું કારણ એછે કે પૈસાબચે છે અનેબીજુ કે તે ગીયર વગરના હોવાથી ચલાવવામાં ખૂબ જ આરામદાયક હોય છે. અલબત્ત તેની કિંમત તોતીંગ હોવાથી જે લોકો શોખીનછે અને પોસાય છે તેવા લોકો જ આ વાહનોની ખરીદી કરે છે. પરંતુ ધીમે ધીમે જમાનો એવો આવશે કે ઈ-વાહનો સસ્તા થશે જ્યારે બીજા ઈંધણવાળા વાહનો મોંઘા થશે. આથી ઈલેક્ટ્રીક વ્હીકલ્સ મેન્યુફેક્ચરીંગ, રિપેર, ડિઝાઈન, એસેસરીઝ ડિઝાઈન, પાર્ટસ મેન્યુફેક્ચરીગ ક્ષેત્રમાં નિષ્ણાતોની જરૂરિયાત રહેવાની જ છે. આથી અત્યારથી જ દેશની ઘણી ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓએ ઈ-વાહનો ને લગતા ડિગ્રી કોર્ષ શરૂ કરી દીધા છે અને લોકો ઈન્કવાયરી કરી રહ્યા છે. અલબત્ત તમારી આસપાસની યુનિવર્સિટીમાં આ કોર્ષ ના પણ ચાલતો હોય પરંતુ જો તમને આ ક્ષેત્રમાં રસ હોય તો રીસર્ચ કરીને અભ્યાસમાં આગળ વધી શકો છો.

# જૂનાગઢનાં રણછોડનગર સોસાયટીની સાધારણસભામાં નગરવિકાસ માટે સૌ બન્યા સંકલ્પબધ્ધ

## જળસંચય, વૃક્ષસંવર્ધન, ચકલી બચાવ અને સ્વચ્છતાની બાબતોમાં રણછોડનગર સોસાયટીનું સંગઠન પ્રેરણાસભર





જૂનાગઢ, તા. ૧૨

ગિરનારની તળેટીમાં વસેલું ગુજરાતનું સાતમું મોટું શહેર છે. પ્રાચીન કવિ દયારામે આ શહેરનો ઉલ્લેખ પોતાના કાવ્ય રસિકવલ્લભમાં "જીર્ણગઢ" તરીકે કર્યો છે. જુનાગઢનો સામાન્ય અર્થ "જૂનો ગઢ" થાય છે પણ આજે રાજય સરકાર અને નગરજનોની સહભાગીતાથી જૂનાગઢ આગવી ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યુ છે. આજે જૂનાગઢ નગરની રણછોડનગર સોસાયટીની વાત કરવી છે. પાણી માટે સ્વનિર્ભર રણછોડનગર સોસાયટીના ૧૪૦ ઘર પાણી માટે પાણીના મિટર મૂકવાથી ૬૦ ટકા પાણીની બચત કરી જળસંચયનું કાર્યતો કરે જ છે. સાથે સાથે સોસાયટીનાં કોમન પ્લોટમાં આવેલા વણવપરાશી કુવાને સાધ્યબનાવી તેમાં વરસાદી વહી જતા નીરને વાળીને જળસિંચનનું પણ કાર્ય કરે છે. જૂનાગઢનાં રણછોડનગર સોસાયટીનાં રહીશોને શહેર કરતા પાણી સરળતાથી મળી રહ્યું છે, ઉદ્દેશ જળ એજીવન છે. સરેરાશ ૬૦ ટકા પાણીની બચત કરે છે. એટલું જ નહી સોસાયટી પાણી માટે સ્વનિર્ભર છે. આ અંગે અશ્વિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, સોસાયટીમાં ૧૪૦ ઘરમાં પાણી વિતરણ કરવામાં આવે છે. દરેક ઘરમાં પાણીનાં મિટર મુકવામાં આવ્યાં છે. દર મહિને પગારથી રાખેલો વ્યક્તિ બીલ બનાવે છે. મિટર મુકવાથી લોકો પાણીનો સદુપયોગ કરવા લાગ્યા છે જેના કારણે સરેરાશ ૬૦ ટકા પાણીની બચત થઈ રહી છે. કુવો અને ત્રણ બોર રીચાર્જ કરીએ છીએ. આગવી વ્યવસ્થા કરીને ચોમાસાનું પાણી કુવા અને બોરમાં નાખવામાં આવી રહ્યું છે જેથી કરીને આ વિસ્તારના પાણીનાં તળ ઉપર રહે છે. પાણી વિતરણમાં મીટર મુકવાથી લાઈટ અને પાણીમાં બચત થઈ છે. ૧૪૦ લાખ લીટર પાણી જોતું હવે ૫૬ હજાર લીટર પાણી જોઈએ છે. ૮૪ હજાર લીટર પાણીની બચત થતાં ૫૦,૦૦૦ વીજ બીલ આવતું જે હવે ૧૮થી ૨૩ હજાર આવે છે. આમ, શહેરની રણછોડનગર સોસાયટીનાં સભ્યો નગરને સ્વચ્છ બનાવવા સાથે પર્યાવરણ સભર પ્રકૃતિના રખેવાળ બનવા જહેમત ઉઠાવી રહ્યા છે. આવી જ રીતે અન્ય સોસાયટી જો અનુસરે તો જૂનાગઢ ગોકુળીયું નગર બની રહેશે. તાજેતરમાં આ સોસાયટીનાં સભ્યોની સહપરિવાર સાધારણ સભા યોજવામાં આવી હતી. જેમાં નગર વિકાસ માટે સૌ સંકલ્પબધ્ધ બની સહકારની ભાવનાથી કાર્ય કરવા હામ વ્યક્ત કરી હતી. નવા વર્ષનાં સમિતી સુકાની અંકુરભાઈ કાપડીયા, ઉપ પ્રમુખપદે હરસુખભાઈ હીરપરા, મંત્રી પદે વિનુભાઈ બારસીયા અને ખજાનચી તરીકે અશ્વિન વઘાસિયાની સૌ સભાસદોએ સર્વાનુમતે નીયુક્તિ કરી હતી.

# ઉના તાલુકાના ગીરગઢડા ગામે દિપડાનો હુમલો : ઈજાગ્રસ્તોને સારવાર અપાઈ

## વન વિભાગ દ્વારા રેસ્કયુ કરી ભારે જહેમત બાદ દિપડાને પાંજરે પુરવામાં સફળતા મેળવી







ઉના, તા.૧૨

ઉના તાલુકાના ગીરગઢડા ગામે ગઈકાલે સવારે એક દિપડો માનવ વસ્તીમાં આવી ચડયો હતો અને હુમલો કર્યો હતો જેમાં ઘવાયેલાઓનો સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. વન વિભાગ દ્વારા રેસ્કયુ કરી આખરે દિપડાને ઝડપી લીધો હતો. આ બનાવ અંગે મળતી વિગત અનુસાર ઉનાના ગીરગઢડા ગામ મા મકાનના બીજા માળે એક દીપડો ઘૂસી ગયો હતો. સવારે ઋષિકેશ કમલેશભાઈ ચાંદરાણી બીજા માળે કપડા સુકાવા ગયા હતા ત્યારે દીપડાએ ઋષિકેશભાઈ ઉપર હુમલો કરતા ચિશો પાડતા માતા અલકાબેન કમલેશભાઈ ચાંદરાણી બચાવવા જતા તેમની ઉપર પણ પંજાના નહોર ભરાવ્યા હતા. રાડા રાડી કરતા મકાન પાસેથી પસાર થતા રાજુભાઈ વાઘાભાઈ વાઘેલા જોઈ જતા લાકડી લઈ દીપડાના મુખમાંથી છોડાવી દીપડાને ભગાડેલ હતો. બન્નેને સરકારી દવાખાનામાં સારવાર માટે દાખલ કરેલ છે. ઋષિકેશભાઈને માથામાં અને હાથમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. દીપડો ગામમાં ઘર સુધી પહોંચી જતા લોકોમાં ભય ફેલાયો હતો. દરમ્યાન માતા-પુત્રનો દિપડાના મુખમાંથી બચાવી લેવામાં આવેલ છે. વધુમાં ઉનાના ગીરગઢડા ગામમાં ગઈકાલે સવારે ગામની મધ્યમાં એક બે માળના મકાનની અગાશી ઉપર કપડા સુકાવવા ગયેલ માતા અને પુત્ર ઉપર દીપડાએ હુમલો કરી ગંભીર ઈજાઓ કરી હતી તેમજ એક વન કર્મચારી ઉપર પણ દીપડાને પકડવા જતા હુમલો કરેલ હતો. વન વિભાગ દ્વારા સવારે ૧૦:૩૦ બાદ રેસ્ક્યું ટીમ સાથે આવી એક દીપડાને બેભાન કરી પકડી લીધો હતો અને બીજો દીપડો કાચા નળિયા વાળા મકાનમાં છુપાઈ ગયા હોય વન વિભાગની રેશ્ક્યું ટીમે કલાકોની જહેમત બાદ પકડી લીધો હતો. આ અંગે ગીરગઢડા યુવક મંડળના પ્રમુખ રાજુભાઈ પટેલ, ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનોએ ગીર સોમનાથ જિલ્લાના કલેકટર અને ગીરગઢડાના મામલતદાર કચેરી અને જશાધાર ગીરમાં આવેલ રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરીને લેખિતમાં રજૂઆત કરી હતી કે ગીરગઢડા ગામમાં સવારે ૭:૩૦ વાગે વન વિભાગની કચેરીને જાણ કરવા છતાં સવારે ૧૦:૩૦ સુધી રેશક્યુ ટીમ આવી ના હતી તેથી ગંભીરતા સમજી તુરંત ટીમને પહોંચાડવી અને ગામ ફરતે પાંજરા ગોઠવી દીપડાને પકડી લોકોને ભય મુક્ત કરવા રજૂઆત કરવામાં આવી હતી.

# કોડીનાર શિંગોડા નદી કિનારે શહેર મધ્યે આવેલી મોટાપીરની દરગાહના ગ્રાઉન્ડમાંથી મગર પકડાઈ

## ૧૦ થી ૧૨ ફૂટની મહાકાય મગરનું દિલધડક રેસ્ક્યુ હાથ ધરાયું





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૨

કોડીનાર તાલુકાના શિંગોડા નદી કિનારે આવેલ મોટા પીરની દરગાહના ગ્રાઉન્ડમાં ગઈકાલે વહેલી સવારે ૪ કલાકે એક મગર ચડી આવતા દરગાહમાં હાજર શ્રદ્ધાળુઓ દ્વારા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને જાણ કરતા તેઓએ વનવિભાગના રાઉન્ડ ફોરેસ્ટર મહેન્દ્રસિંહ રાઠોડને જાણ કરતા તેઓ તાત્કાલિક છારા રાઉન્ડ સ્ટાફ ટીનાભાઈ અને હનીફભાઈ સાથે દોડી જઈ મગરને જોતા આ મહાકાય મગરને પકડવા જામવાળાથી રેસ્કયુ ટીમ બોલાવી એક કલાકની ભારે જહેમત બાદ રેસ્કયુ કરી મગરને પકડી પાંજરે પૂરી જામવાળા ખાતે મોકલેલ જ્યાંથી આ મગરને ગીર જંગલમાં નદીમાં મુક્ત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ રેસ્ક્યુ સમયે દિલધડક દ્રશ્યો સર્જાયા હતા. આ રેસ્ક્યુમાં જામવાળા અને છારા રાઉન્ડના વનવિભાગના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવેલ હતી આ મગર પકડાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે દરગાહ પાસે આવેલ શિંગોડા નદી મધ્ય ગીર જંગલ નીકળે છે. છેલ્લા કેટલાક દિવસથી શિંગોડા ડેમમાંથી સતત પાણી આવતા અનેક મગરો નદીમાં આવી ગઈ છે જેને લઈ અહી અનેક મગરો દેખાઈ છે. ગઈકાલે ચારથી પાંચ મગરોએ દેખાઈ હતી ત્યારે અહીના નદી કિનારે મગરોએ સામ્રાજ્ય જમાવ્યું હોય તેવું લાગી રહ્યું છે. નદી કિનારે વસતા લોકોમાં ભય જોવા મળે છે.

# ભારતમાં વિવિધ ધર્મો અને સમુદાયોના લોકોનું દિલ ખોલીને સ્વાગત છે : અજિત ડોભાલ

## વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં સૌથી વધુ મુસ્લિમો ભારતમાં રહે છે



નવી દિલ્હી, તા.૧૨

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ફરી એકવાર કહ્યુ કે, ભારત પણ લાંબા સમયથી આતંકવાદથી પીડિત રહ્યુ છે. આતંકવાદનો કોઈ ધર્મ હોતો નથી. આ બધું ચોક્કસ લોકો દ્વારા કરવામાં આવી રહ્યુ છે. ભારતમાં તમામ ધર્મોની સમાનતા અંગે અજિત ડોભાલે કહ્યું કે, ભારત વિવિધતાના મૂલ્યોમાં વિશ્વાસ રાખે છે. આ દેશમાં ક્યાંય કોઈને કોઈ ખતરો નથી. રાજધાની દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં અજિત ડોભાલે કહ્યું કે ભારતમાં વિવિધ ધર્મો અને સમુદાયોના લોકોનું દિલ ખોલીને સ્વાગત કરવામાં આવે છે. આ દર્શાવે છે કે ભારત વિવિધતાના મૂલ્યોમાં કેટલો વિશ્વાસ રાખે છે. તેમણે કહ્યું કે વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં સૌથી વધુ મુસ્લિમો ભારતમાં રહે છે. ભારત લાંબા સમયથી આતંકવાદથી પીડિત છે અને આતંકવાદને કારણે હજારો ભારતીયોએ જીવ ગુમાવ્યા છે. મક્કાની પવિત્ર મસ્જિદમાં આતંકવાદી હુમલાની ઘટનાનો ઉલ્લેખ કરતા અજિત ડોભાલે કહ્યું કે, ભારત પણ સતત આતંકવાદથી પીડિત રહ્યું છે. ભારતે આતંકવાદને ખતમ કરવાનો નિર્ણય લીધો છે. અજિત ડોભાલે કોઈ દેશનું નામ લીધા વગર કહ્યું કે, ભારત દાયકાઓથી આતંકવાદનો શિકાર છે. આપણે ૨૦૦૮ મુંબઈમાં આતંકવાદી હુમલા સહિત ઘણા આતંકવાદી હુમલાઓનો સામનો કર્યો છે. ભારત તેની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા અને આતંકવાદી ગતિવિધિઓને કાબૂમાં લેવા અને વિવિધ માધ્યમો દ્વારા આતંકવાદ સામે લડવા માટે અન્ય દેશો સાથે મળીને કામ કરવા સક્રિયપણે કામ કરી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યુ કે, આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો, કેટલાક ગેરમાર્ગે દોરેલા લોકો દ્વારા આ કરવામાં આવે છે. મુસ્લિમ વર્લ્ડ લીગના સેક્રેટરી જનરલ મોહમ્મદ બિન અબ્દુલ કરીમ અલ ઈસ્સાના સંબોધનનો ઉલ્લેખ કરતા અજિત ડોભાલે કહ્યું કે, મુસ્લિમ વર્લ્ડ લીગના મહાસચિવ સ્પષ્ટ સંદેશ આપે છે કે આપણે સદભાવ સાથે રહીએ છીએ, આપણે શાંતિથી રહીએ છીએ. જો તમે માનવતાની રક્ષા કરવા માંગતા હોય તો, ઈસ્લામની તમારી ઊંડી સમજણ, વિશ્વ ધર્મો અને આંતર-ધાર્મિક સુમેળની બાબતમાં તમારા પ્રયત્નો અને સુધારાઓથી ઈસ્લામને વધુ સારી રીતે સમજવામાં મદદ મળી છે. માનવતા તૈયાર કરવામાં તમારું યોગદાન છે, તેમજ કટ્ટરપંથી વિચારધારાઓને યુવા દિમાગ પર હાવી થવાથી રોક્યા છે. આ પહેલા મુસ્લિમ વર્લ્ડ લીગના સેક્રેટરી અલ ઈસ્સાએ દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં પોતાના સંબોધન દરમિયાન ભારતીય સાંસ્કૃતિક વિવિધતાની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યુ કે ભારત હિંદુ બહુમતી દેશ હોવા છતાં અહીંનું બંધારણ ધર્મનિરપેક્ષ છે. ભારતમાં મુસ્લિમ સમુદાયની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. હું અહીં જેટલા પણ મુસલમાનોને મળ્યો છું તે બધા ભારતીય હોવાનો ગર્વ અનુભવે છે. તેમણે કહ્યું કે દેશભક્ત બનવું દરેક ભારતીયનું કર્તવ્ય છે. આપણે બધાએ સાથે રહેવાનું છે.

# સોમનાથના જોડીયા શિવલિંગો સાધના માટે શ્રેષ્ઠ





(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૨

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ શિવાલય તીર્થમાં શેરીએ શેરીએ આસપાસના વિસ્તારોમાં અનેક નાના-મોટા શિવાલયો આવેલા છે. સોમનાથ મંદિરના પાર્કીંગ મધ્યમાં આવેલ સદાશિવના બે શિવલિંગો દર્શનીય અને જપ - તપ માટેની તીર્થોત્તમ જગ્યા છે.

બાર ફુટ ઉંચા ઓટલા ઉપર બિરાજમાન આ બે શિવલિંમાં અક અઢી ફુટ ઉંચુ છે તો બીજું પાંચ ફુટ ઉંચુ છે. શિવ જળાધારી ઉપર બિરાજમાન આ બે શિવલિંગો માત્ર થોડા અંતરે જ આસપાસ છે તેમની સન્મુખ નંદી અને કાચબો આરસના ગોઠવાયેલા છે.

જળાધારી દક્ષીણમુખ છે અને તેમાં કરાતો જળાભિષેક સ્વચં વટવૃક્ષ સુધી પહોંચે તેવી વ્યવસ્થા છે. જગ્યા સંપૂણ એકાંત છે અને માનવ અવરજવર નહીવત છે પરંતુ સ્થળની દિવ્યતા ભકિતની ચરમસીમ સુધી પહોંચાડે તેવી શકયત છે. સોમનાથ સંસ્કૃત પાઠશાળા નિવૃત આચાર્ય પ્રભાસના સોમપુર બ્રાહ્મણ વિધ્વાન પંડીત ભગુભાઈ પ્રચ્છક કહે છે અ શિવલિંગો પ્રાચીન કાળથી છે અને યમરાજાએ તેની માતાએ આપેલા શ્રાપની મુકિત માટે આ સ્થળે તપશ્ચર્યા કરી હતી અને ભાઈબીજના દિવસે તેના દર્શન-પૂજન પુણ્યમય બનવે છે અને જેનું નામ વ્યોમેશ્વર અને અમરેશ્વર છે. પ્રભાસના લોકો તેની તળપદીભાષામાં જપેશ્વર, તપેશ્વર પણ કહે છે. મંદિર પગથીયા પાસો વરસો જુનો ઘટાદાર ઘેઘુર રૂષી મુનીઓની જટાને યાદ આપતો જમીન સાથે જોડાયેલો પ્રકૃતિ પ્રસાદી સમો વડલો અને એ પણ તે જ સ્થળે ત્રણ સ્થળે જમીનાથી જોડાયેલો છે.

# કોડીનારમાં જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સો રોકડ રકમ ૩૨૩૭૦૦ સાથે પકડાયા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૨

કોડીનારમાં જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સો ને રૂ.૩૨૩૭૦૦/- રોકડ રકમ સાથે પકડી પાડયા છે.

આ અંગેની વિગત મુજબ કોડીનારના પી.આઈ. આર.એ.ભોજાણી અને ડી-સ્ટાફ ઈન્ચાર્જ પી.એસ.આઈ. કે.એમ.ચાવડા તથા પો.હેડ કોન્સ. લલીતભાઈ બાવકાભાઈ તથા હિતેષભાઈ મુળાભાઈ તથા પ્રકાશભાઈ પુનાભાઈ તથા વિજયભાઈ હમીરભાઈ તથા વિશાલભાઈ અભેસિંહભાઈ તથા પ્રતાપભાઈ ઘેલાભાઈ તથા પો.કોન્સ. વિક્રમભાઈ હમીરભાઈ તથા ઈમ્તિયાજભાઈ ભીખુભાઈ તથા ભરતભાઈ સામતભાઈ તથા વુ.પો.કોન્સ. હંસાબેન બાલુભાઈ એ રીતે પોલીસ સ્ટાફના માણસો સાથે કોડીનાર વેલણ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.હેડકોન્સ. લલીતભાઈ બાવકાભાઈ તથા પો.કોન્સ જગદીશભાઈ રામસીંગભાઈ તથા વિક્રમભાઈ હમીરભાઈ તથા ઈમ્તિયાજભાઈ ભીખુભાઈ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે છારા ગામે રાંદલ માતાના મંદીર પાસે રેઈડ કરતા જાહેર જુગાર હરેશભાઈ દેવાભાઈ સોલંકી- રહે. માઢવાડ, ધનસુખભાઈ કાનજીભાઈ બાંભણીયા-રહે.માઢવાડ, મુકેશભાઈ ભીખાભાઈ સોલંકી- રહે. માઢવાડ, મહેશભાઈ રામજીભાઈ બાંભણીયા, છગનભાઈ રાજાભાઈ સોલંકી- રહે.વણાંકબારા ઠે.અને અક્ષયભાઈ જમનાદાસ બારૈયા- રહે.માઢવાડ ને હારજીતનો જુગાર રમતા રોકડ રૂ.૩૨૩૭૦૦/- સાથે પકડી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# મેંદરડાનાં ખાખીમઢી રામજી મંદિરે હનુમાન ચરિત કથાનું આયોજન

## શાસ્ત્રી કલ્પેશભાઈ મહેતા સંગીતની સુરાવલી સાથે રસપાન કરાવશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૨

મેંદરડા ખાખીમઢી રામજી મંદિર ખાતે આગામી તા. ૧૮ને મંગળવારથી શ્રાવણ અધિક માસનો પ્રારંભ થઈ રહયો છે. ત્યારે મંદિરનાં મહંત પૂ. સુખરામદાસ બાપુ દ્વારા મંગળવારથી દરરોજ બપોરે ૩ થી ૬ વાગ્યા સુધી શાસ્ત્રી કલ્પેશભાઈ મહેતાનાં વ્યાસાસને શ્રી હનુમાન ચરિત્ર પાંચ દિવસની કથાનું આયોજન કરેલ છે. શાસ્ત્રી કલ્પેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે મારી પ્રથમ કથા મારા ગુરૂજી સુખરામદાસ બાપુનાં સાંનિધ્યમાં શરૂ થવા થઈ રહી છે. મારા ગુરૂજીને તેમનાં ગુરૂદેવ પૂ. રામકિશોરદાસજી બાપુએ જણાવેલ કે આ આશ્રમ છોડી કયાંય જતાં નહીં, આ જગ્યા છોડવાની નથી તેમને ઘણી ઓફર થયેલ પણ તેઓ કયાંય ગયા નથી, તેઓ આશ્રમમાં લોકોની અને ગાયોની સેવા કરે છે અને તેઓ અનેક ધર્મોત્સવની ઉજવણી કરી લોકને ધર્મપારાયણ ધાર્મિક બનાવે છે. અને સંસ્કારોનું સિંચન કરે છે. આ ભગીરથ કાર્યોમાં યોગદાન આપવા ઈચ્છતા દાતાઓએ મો.નં. ૯૯૧૩૬ ૦૧૦૦૮ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ જિલ્લાના ૩૧૩ ગામોનો પીવાના પાણીનો પ્રશ્ન દૂર : ઓઝત-૨ ડેમ ૭૮ ટકા ભરવામાં આવ્યો

## ઓઝત-૨ જળસંપતિ યોજનાથી ૪૩ ગામના ખેડૂતોને સિંચાઈ માટે મળે છે પાણી : ૯૪૦૦ હેક્ટરના પિયતને લાભ





(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા.૧૨

જૂનાગઢ જિલ્લાનો સૌથી મોટો અને ૩૧૩ ગામોની જીવાદોરી સમાન ઓઝત-૨ ડેમ સીઝનના પ્રથમ જ વરસાદમાં ૭૮ ટકા જેટલો ભરવામાં આવ્યો છે. સાથે જ આ ડેમ ૪૩ ગામોના ખેડૂતોને ૯૪૦૦ હેકટરમાં સિંચાઈનું પાણી પણ પૂરૂ પાડે છે. આમ, જિલ્લામાં સારા વરસાદને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. બાદલપુર ગામ પાસેના ઓઝત-૨ જળ સંપત્તિ યોજનાના સેક્શન ઓફિસર શ્રી ડી.ડી. ભારાઈ કહે છે કે, ૨૫ દરવાજા ધરાવતા આ ડેમના સારા વરસાદના પગલે ૧૦ જેટલા દરવાજા દોઢ મીટર સુધીના ખોલવામાં આવ્યા હતા. હાલ આ ડેમના પાણીના આવકના પ્રવાહને ધ્યાનમાં રાખીને બે દરવાજા અડધા ફુટ ખુલ્લા રાખવામાં આવ્યા છે. તેઓ જણાવે છે કે, ચોમાસાની સ્થિતિને ધ્યાનમાં રાખીને ડેમને પૂર્ણ સપાટીએ ભરવામાં આવે છે. હાલ ઓઝત - ૨ની ૭૬.૫૦ મીટરની સપાટી છે. ડેમની પૂર્ણ સપાટી ૭૭.૫૦ મીટરની છે. એટલે કે એફ.આર.એલ(Full Reservior Level) સુધી ચોમાસુ આગળ વધે તેમ તબક્કાવાર ભરવામાં આવે છે. અત્યારે ડેમ એટલા માટે પૂર્ણ સપાટી ભરવામાં નથી આવતો કે, ફલડની સ્થિતિને નિયંત્રિત કરી શકાય. ઓઝત-૨ ડેમની ૩૬.૨૦ મિલિયન ઘન મીટર પાણીનો જથ્થો સમાવવાની ક્ષમતા છે. જે પીવાના પાણી માટે પ્રતિદિન અંદાજે ૪ કરોડ લીટર જેટલું પાણી પૂરૂ પાડી શકે છે. ઉપરાંત ૯૪૦૦ હેક્ટરમાં આ ડેમમાંથી સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. આ સાથે ડી.ડી. ભારાઈએ જણાવ્યું કે કાર્યપાલક ઈજનેર ઉકાણીના માર્ગદર્શનમાં ઓઝત-૨ સંપત્તિ યોજના ઉપર સતત મોનિટરિંગ-દેખરેખ રાખવામાં આવી રહી છે.

# નરેશભાઈ પટેલનો જન્મદિવસ બન્યો સેવાનો મહોત્સવ : ૫૮માં જન્મદિવસે દેશભરમાં ૭૦ જગ્યાએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા



(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૧૨

વર્ષોથી પોતાના જન્મદિવસને સમાજ સેવામાં સમર્પિત કરીને જરૂરિયાતમંદોને ઉપયોગી બનવાની નેમ સાથે ઉજવણી કરનાર એવા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રણેતા અને જેમની ૨૨૦થી વધુ વખત રક્તતુલા થઈ છે તેવા નરેશભાઈ પટેલનો જન્મદિવસ અવિસ્મરણીય અને યાદગાર બની રહ્યો. ૧૧ જુલાઈને મંગળવારના રોજ પોતાના ૫૮ વર્ષ પૂર્ણ કરીને ૫૯મા વર્ષમાં મંગળ પ્રવેશ કરનાર નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે રાજ્યભરમાં અને રાજ્ય બહાર ઠેર ઠેર બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ, વૃદ્ધોને ભોજન, દર્દીઓને ફ્રુટ વિતરણ, ચોપડા વિતરણ, પક્ષીઓના માળાનું વિતરણ, રાશનકીટ વિતરણ સહિતના સેવાકાર્યો કરીને ઉજવવામાં આવ્યો હતો. પોતાના જન્મદિવસે સેવાકાર્યોની સુવાસ ફેલાવવા બદલ નરેશભાઈ પટેલે ઝુમ મિટીંગથી તમામ આયોજકો સાથે જોડાઈને તમામ રક્તદાતાઓ અને શ્રી ખોડલધામ સમિતિઓના કન્વીનરો અને કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો. ૧૧ જુલાઈ ને મંગળવારના રોજ નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્‌જ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા રાજકોટ શહેર અને જિલ્લા ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ગીરસોમનાથ, જૂનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, ભરૂચ, મહીસાગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, પંચમહાલ, મહેસાણા, પોરબંદર, મોરબી, વલસાડ, નવસારી, ખેડા, નર્મદા સહિતના જિલ્લામાં પણ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. સાથે જ પ્રથમ વખત રાજય બહાર મધ્યપ્રદેશના ઝરખેડામાં અને ચેન્નાઈમાં પણ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતું. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં હજારો રક્તદાતાઓએ રક્તદાન કરતાં ૭૫૦૦થી વધુ યુનિટ બ્લડ એકત્ર થયું હતું. તમામ રક્ત વિવિધ બ્લડ બેંકમાં જમા કરાવવામાં આવ્યું હતું. સવારથી જ મોટી સંખ્યામાં રક્તદાતાઓ રાષ્ટ્રસેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા માટે ઉમટી પડ્યા હતા અને રક્તદાન કરીને નરેશભાઈ પટેલના માધ્યમથી જરૂરીયાતમંદ દર્દીઓ માટે રક્તદાન કર્યું હતું. અનેક જગ્યાએ વૃક્ષારોપણ, વૃદ્ધાશ્રમમાં ભોજન, પક્ષીના માળાનું વિતરણ, ચોપડા વિતરણ સહિતના સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા. નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે અનેક સ્થળે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રકૃતિની જાળવણીના શુભ આશય સાથે હજારો વૃક્ષોનું વાવેતર કરી તેના યોગ્ય ઉછેર માટેનો સંકલ્પ પણ લેવામાં આવ્યો હતો. વૃદ્ધા આશ્રમમાં ભોજન, દર્દીઓને ફ્રુટ વિતરણ, ચોપડા વિતરણ, પક્ષીઓના માળાનું વિતરણ, રાશનકીટ વિતરણ સહિતના સેવાકાર્યો કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ખોડલધામના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સૌરાષ્ટ્ર તરફથી રમતાં જૂનાગઢના પાર્થ ભૂતની દેવધર ટ્રોફીમાં પસંદગી

## વન ડે ટુર્નામેન્ટ માટે વેસ્ટ ઝોનની ટીમ જાહેર : જૂનાગઢના ક્રિકેટર પાર્થ ભૂતની પસંદગી



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૨

દેશના છ ઝોનની ટીમ વચ્ચે આગામી તા.૨૪ થી તા.૩ ઓગસ્ટથી દેવધર ટ્રોફી વન ડે ટુર્નામેન્ટનો પોંડિચેરી ખાતે પ્રારંભ થઈ રહ્યો છે. વનડે ટુર્નામેન્ટ પૂર્વે વેસ્ટ ઝોનની ટીમ જાહેર કરવામાં આવી હતી. જેમાં સૌરાષ્ટ્ર તરફથી રણજી ટ્રોફી રમતા જૂનાગઢના પાર્થ ભૂતની વેસ્ટ ઝોનની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જે બદલ જૂનાગઢ ડિસ્ક્રિક્ટ ક્રિકેટ એસો.ના પ્રમુખ પાર્થ કોટેચા એ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.ના પ્રમુખ જયદેવ શાહનો આભાર માન્યો હતો. ઉપરાંત જણાવ્યું કે, જયદેવભાઈ શાહના માર્ગદર્શન હેઠળ તેમની પૂરી ટીમ નાના ગામના ખેલાડીઓની પ્રતિભા પારખી પારદર્શક સીલેક્સનકરી અને શ્રેષ્ઠ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. તેમજ પાર્થ ભૂતની દેવધર ટ્રોફીમાં પસંદગી થવા બદલ જૂનાગઢ ક્રિકેટ એસો. પ્રમુખ પાર્થ કોટેચા, ઉપ પ્રમુખ પાર્થ ધુલેસિયા, સેક્રેટરી અર્જુન રાડાએ પાર્થ ભૂતને અભિનંદન પાઠવ્યા હતા.

# ખંભાળિયામાં અધિકમાસ નિમિત્તે સમૂહ સત્યનારાયણની ૧૧૧ કથાનું મહા આયોજન

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૧૨ : ખંભાળિયામાં અધિક શ્રાવણ માસ નિમિત્તે સમૂહ સત્યનારાયણની ૧૧૧ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથામાં યજમાન પદે રહેવા ઈચ્છતા સદ ગૃહસ્થોએ અહીંના શ્રી વિઘ્નેશ્વરી જ્યોતિષ કાર્યાલયના વડા શાસ્ત્રી વિજયભાઈ ડાયાભાઈ પંડ્યાના મોબાઈલ નંબર ૯૯૭૪૩૧૪૩૪૩ તથા ૯૮૨૪૯૬૮૮૨૯ ઉપર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવ્યું છે.

# કેશોદના નાની ઘંસારી ગામે શિવ મંદિરે પોઠીયો પાણી પીવે છે વાત ફેલાતા શ્રદ્ધાળુઓ ઉમટયા : વિજ્ઞાન જાથાએ ઘટનાને નકારી

(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા.૧૨





આપણે ઘણી વાર સાંભળ્યું છે કે મંદિરમાં મૂર્તિ દૂધ પાણી પીય રહી છે. આવા અનેક સમાચાર અત્યાર સુધી સામે આવ્યા છે. હવે વાત કરીએ જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામની જ્યાં પણ આવી ઘટના સામે આવી છે. શિવ મંદિરમાં પોઠિયો દૂધ અને પાણી પી રહ્યો છે. આ વાત વાયુવેગે ફેલાવવાની સાથે જ અનેક લોકો શિવ મંદિરે પોઠિયાને પાણી પીવડાવવા અને દૂધ પીવડાવવા માટે પહોંચ્યા હતા. જ્યારે હોય શ્રદ્ધા ત્યાં પુરાવાની જરૂર નથી રહેતી જ્યારે વાત ફેલાય છે. તો ખુદ અનુભૂતિ કરવા ત્યાં લોકો મંદિરે તરફ ખેંચાઈ છે. શિવ મંદિરમાં શિવનો કોઠીયો દૂધ પાણી પીતો હોવાની ઘટના સામે આવે છે. કળીયુગમાં ચમત્કારને નમસ્કાર કરી શ્રદ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી. વાતને સત્ય ઠરાવી હતી. શિવ મંદિરના પુજારી કલ્પેશ બાપુએ સહ પરિવાર પોઠીયાને ચમચીથી પાણી પાયું હતું. ચમત્કારથી ચેતો અને અંધ શ્રદ્ધા નાબુદ કરવા જન વિજ્ઞાન જાથા ટીમ સતત કાર્યશીલ રહે છે. પોઠીયો દુધ પાણી પીવે છે આ ઘટના અંગે ખુલાસો કરવા અમારા પ્રેસ પ્રતીનીધીએ વિજ્ઞાન જાથા ચેરમેન જયંત પંડ્યાનો સંપર્ક કરી માહીતી મેળવી હતી. જે ઘટનાને વિજ્ઞાન જાથાએ નકારી કાઢી છે. સાથે આવી ઘટનાઓ બાબતે વિજ્ઞાન જાથા ચેરમેન જયંત પંડયાએ જણાવ્યું છે કે, આજ કાલ ભારતમાં નવા નવા કર્તાંકો નવા નવા ચમત્કારો બનવાની ઘટનાઓ સામે આવે છે. આવી ઘટનાઓ વિજ્ઞાન ક્રીયા કાળને આધારે બનતી હોય છે જેને ચમત્કાર માનવો નહી જાગૃત લોકો અંદરથી દુઃખી થાય છે કે આપણે કઈ સદિ તરફ જય રહ્યા છીએ. કેશોદ પંથકના નાની ઘંસારી ગામે દુધ અને પાણી પીવાની ઘટના બની જયંત પંડયા દ્વારા લોકોને અપીલ પણ કરવામાં આવી છે. માત્રને માત્ર વિજ્ઞાનના નિયમ આધારીત કિસાકરસણ બકનળી પૃષ્ઠતાના કારણે અવી ઘટનાઓ બનતી હોય છે તેમજ સ્સીટીરીયાના કારણે આવી ઘટનાઓ બનતી હોય છે. આમાં કોઈ જાતનો ચમત્કાર નથી. વૈજ્ઞાન જાથા જયંત પંડ્યા એવા ચમત્કારની રાહ જોઈ રહ્યા છે કે ભારત ભરની અંદર ગરીબી મોંઘવારી આપસના અંદર જગડાઓ જાતી કોમના ભેદભાવ દુર થઈ જાય એવા ચમત્કરની રાહ જોયરહ્યા છે. મુર્તી કે નંદી પાણી, દુધ પીવે એ લોકો ચમત્કાર માને છે, શ્રદ્ધા સાથે નમસ્કાર કરે છે જયારે વિજ્ઞાનની દ્રષ્ટિએ એ ચમત્કાર નથી.

# કેશોદમાં ઘરેથી નારાજ થઈ અને નીકળી ગયેલ સગીરને સહીસલામત શોધીને કેશોદ પોલીસ દ્વારા પરિવારને સોંપી આપ્યો

(પ્રતિનિધિ દ્વારા) કેશોદ તા.૧૨

કેશોદ શહેરમાં ડ્રાઈવીંગ કામ કરી આજીવિકા ચલાવતાં પરિવારનો સગીર વયનો બાળક શાળાએથી ઘરે આવવાને બદલે અરમાન ચોપડા કોઈ બાબતે નારાજ થતા ઘરેથી કોઈને કહ્યા વિના નીકળી ગયેલ, આજુબાજુ તપાસ કરતા ક્યાંય જોવા મળેલ નહી ક્યાં નીકળી ગયેલ હશે? અનેકેવી પરીસ્થીતીમાં હશે? તેવું વિચારી તેમના પરીવારના સભ્યો વ્યથીત થઈ ગયેલ હોય, આ બાબતની જાણ કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર બી.બી.કોળીને કરવામાં આવતાં જ તુરંત કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ કોન્સ્ટેબલ કિરણભાઈ જીવાભાઈ ડાભી, સંજયસિંહ કૃષ્ણસિંહ ઝાલા, પ્રતાપસિંહ હરસુરભાઈ, રૂચીતભાઈ ડાંગરને સુચના આપી શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જેમાં સગીર વયનો વિદ્યાર્થી અરમાન ચોપડા અક્ષયગઢ તરફ સાયકલ લઈને જતો હોવાની માહિતી મળી હતી. એ દિશામાં કેશોદ પોલીસ દ્વારા ગ્રામ્ય વિસ્તારના આગેવાનો અને સામાજિક કાર્યકરોને જાણ કરી માહિતી મળે તો જાણ કરવા જણાવ્યું હતું. કેશોદના ડીપી રોડ ઉપર ખાનગી શાળામાં અભ્યાસ કરતો અરમાન ચોપડા સાયકલ ઉપર મેંદરડા પહોંચી ગયો હોવાની માહિતી મળતા કેશોદ પોલીસ દ્વારા તુરંત પહોંચી પરત કેશોદ પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યો હતો. કેશોદ પોલીસ દ્વારા પ્રાથમિક પુછપરછ કરી પરિવારને સોંપી આપ્યો હતો. જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે. કેશોદનો સગીર વયનો વિદ્યાર્થી અરમાન ચોપડા સહી સલામત મળી આવતા તેમના પરીવારના સભ્યો તેમજ પોલીસ સ્ટાફે રાહતનો શ્વાસ લીધો હતો. કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર બી.બી. કોળી અને સ્ટાફ દ્વારા બનાવની ગંભીરતા સમજી કોઈ પણ પ્રકારનો વિલંબ કર્યા વિના પોતાના પરીવારના સભ્ય ગુમ થયેલ હોય તેમ સમજી અરમાન ચોપડાને શોધી તેમના પરીવાર સાથે મીલન કરાવેલ, કેશોદ પોલીસ સ્ટાફ દ્વારા પોતાના પરીવારના સભ્યને સહીસલામત શોધી આપવા માટે કરેલ તાત્કાલિક સંવેદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને પરિવારજનો દ્વારા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉનાનો બાયપાસ ખુલ્લો મુકાતા લાંબા સમયથી શહેરને ત્રાહિમામ કરતી જટિલ સમસ્યાનો અંત

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૧૨

સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવેનું કામ લાંબા સમયથી શરૂ હોવા છતાં કામ પૂરૂ થવાનું નામ નથી લેતું અને ઘણા બધા સ્થનોએ આ કારણે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આવું જ એક કામ ઘણા લાંબા સમયથી ઉના બાયપાસનું અધૂરૂ હોય શહેરની મધ્યરમાંથી પસાર થતાં લોડેડ વાહનોના કારણે અનેક અકસ્માતોમાં લોકોએ પોતાના પરિજનોને ખોયા છે. હવે અધિકારીની સક્રિયતાથી મુશ્કિલ અને જટિલ સમસ્યાઓનું પણ અંત આવી શકે તેમ છે.

# જૂનાગઢમાં રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ સારવાર અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૨

શ્રી જલારામ મંદિર સેવા ટ્રસ્ટ જૂનાગઢ પ્રેરિત સર્વોદય બ્લડ સેવા ટ્રસ્ટ રેડક્રોસ સોસાયટી અને સેવા સેતુ ટ્રસ્ટનાં સહયોગથી આગામી તા. ૧૬ને રવિવારનાં રોજ સવારે ૯.૩૦ થી ૧ કલાક સુધી રેડક્રોસ બિલ્ડીંગ, આઝાદ ચોક, જૂનાગઢ ખાતે મેગા સર્વરોગ ફ્રી નિદાન અને સારવાર કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું છે.

મહેન્દ્રભાઈ મશરૂએ જણાવ્યું હતું કે આ કેમ્પમાં આસ્થા હોસ્પીટલનાં ડો. ચિંતન યાદવ, ડો. પાર્થ ગણાત્રા, ડો. નિલેશ બારૈયા સહિત ૧૫ જેટલા નામાંકીત તબીબોની ટીમ આ કેમ્પમાં સેવા આપનાર છે. આ કેમ્પમાં જરૂરીયાતમંદોને દવાઓ પણ ફ્રી આપવામાં આવશે. તેમજ લોહી, પેશાબનાં રીપોર્ટ સહિત બીપી સુગરનાં રીપોર્ટ પણ ફ્રી કરવામાં આવશે. આ કેમ્પમાં ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં ખુલ્લો મુકાશે. કાર્યક્રમને સફળ બનાવવા આયોજક મહેન્દ્રભાઈ મશરૂ, ડો. વી.વી. પોપટ અને તેની ટીમ જહેમત ઉઠાવી રહી છે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ મો.નં. ૮૭૫૮૮ ૯૦૯૯૯ ઉપર નામ નોંધાવવા યાદીમાં જણાવેલ છે.

# ચેક રીટર્નનાં ચાર કેસોમાંથી આરોપીને નિર્દોષ છોડવાનો હુકમ કરતી ડીસ્ટ્રીકટ કોર્ટ

## નીચેની કોર્ટે ખોટી રીતે હકીકત તથા કાયદાનું અર્થઘટન કરેલ છે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢની એક પ્રાઈવેટ લીમીટેડ કંપની દ્વારા આંધ્રપ્રદેશ રાજયનાં મદનપલ્લી જીલ્લાની વેપારી પેઢીનાં માલીક સુરેન્દ્ર રેડ્ડી વિરૂધ્ધ જૂનાગઢની ટ્રાયલ કોર્ટમાં કુલ રૂા. ૧૮ લાખથી વધારેની રકમનાં ચેકો રીટર્ન થયા અંગેનાં કુલ ચાર કેસો કરેલ તે કેસોમાં જૂનાગઢનાં તત્કાલીન જયુ.મેજી. શ્રી ઢિવરે તા. ૬-૩-૨૩નાં રોજ આ તમામ કેસોનાં આરોપીને સજા ફરમાવતો હુકમ કરેલ તેથી આ તમામ ચાર કેસોનાં હુકમ વિરૂધ્ધ આરોપીએ જૂનાગઢનાં ધારાશાસ્ત્રી મનોજ દવે દ્વારા જૂનાગઢની ડીસ્ટ્રીકટ કોર્ટમાં તા. ૨૮-૩-૨૩નાં રોજ ચાર અપીલો દાખલ કરેલી. આ અપીલોની સુનાવણી જૂનાગઢની ડીસ્ટ્રીકટ કોર્ટમાં હાથ ધરાયેલ અને કોર્ટે આરોપી પક્ષેની દલીલો માન્ય રાખી આ ચારે અપીલો મંજુર કરી આરોપીને સજા ફરમાવતો નીચલી કોર્ટનો હુકમ રદ કરી આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે. આ અપીલનાં જજમેન્ટમાં કોર્ટે સ્પષ્ટ જણાવેલ છે કે નીચેની કોર્ટનાં જજ શ્રી ઢિવરે સજાનાં હુકમમાં ખોટી હકીકતો જણાવેલ છે તેમજ નીચેની કોર્ટે જજમેન્ટ આપતા સમયે હકીકત તથા કાયદાનું ખોટી રીતે મુલ્યાંકન કરેલ છે.

# બિલખા પોલીસે જુન માસમાં મોટર વહીકલ એક્ટ હેઠળ રેકોર્ડબ્રેક ૮૧૭૦૦નો દંડ વસુલ્યો

(પ્રતિનિધિ દ્વારા) બિલખા તા. ૧૨

બિલખા પોલીસ દ્વારા ગત જુન માસમાં મોટર વ્હીકલ એક્ટ હેઠળ વિવિધ પ્રકારનાં ૧૪ વાહનો ડીટેઈન કર્યા હતાં. જેમાં પીયુસી, લાયસન્સ, આરસી બુક, વિમા ન હોય એવા વાહન ચાહકોને મેમા ફટકાર્યા હતાં. અનો કુલ ૮૧,૭૦૦ રૂપિયાનો દંડ આરટીઓ (સરકાર)માં જમા કરાવી રેકોર્ડ બ્રેક કામગીરી કરવામાં આવી હતી. સમગ્ર કામગીરીનો બિલખાનાં પીએસઆઈ રાજેન્દ્રસિંહ ચુડાસમાનાં માર્ગદર્શન હેઠળ હે.કો. હાર્દિકભાઈ પંડયા, વિરલભાઈ ત્રિવેદી વિગેરેએ જહેમત ઉઠાવીને સફળ બનાવી હતી. પોલીસાની કામગીરીને લીધે ડોકયુમેન્ટ ન ધરાવતાં હોય તેવા વાહન ધારકોમાં ફફડાટ જોવા મળે છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **વિપુલભાઈ પરસોતમભાઈ વિસાવેલીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **વિપુલકુમાર પરસોતમભાઈ વિસાવેલીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**વિપુલકુમાર પરસોતમભાઈ વિસાવેલીયા**
બ્લોક નં. બી-૫૭, દર્શ, હરદ્વાર સોસાયટી, ન્યુ બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ પાસે, જોષીપરા, જૂનાગઢ-૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ધર્મેશ ઈલેશભાઈ ચુડાસમા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ધર્મેશભાઈ ઈલેશભાઈ ચુડાસમા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**ધર્મેશભાઈ ઈલેશભાઈ ચુડાસમા**
ગોકુલનગર, ઉના, ગીર સોમનાથ
ગુજરાત-૩૬૨૫૬૦

